


"મધુરિકા."

સુંદર, સંગિન, અને સદગુણી
સંગિતની રંગાન કિતાબ.

રચનાર—"હુરમીસ."
"હોરમસજી સોરાબજી મીસ્ત્રી"
"મીનોઇ મજાહ"ના કર્તા.
"ડાન" ફોટોગ્રાફીક સ્ટુડયોના આર્ટીસ્ટ,
ગોવાલ્યા તળાવ, મુંબઇ.

મુંબઇ.
જામે જમશેદ પ્રીંટીંગ વર્કસ (બલાર્ડ હાઉસ ફોટ) મધે માણેકજી
નવરોજી પ્રીંટરે છાપ્યું છે અને મી૰ હોરમસજી સોરાબજી
મીસ્ત્રીએ ગોવાલયા તલાવ મુબઇ ખાતેથી પ્રગટ કીધું છે.

સને ૧૨૮૪ યઝદેજરદી.
સને ૧૯૧૪ ઈસ્વી.

કીંમત રૂ. ૦॥)

અર્પણ પત્રિકા.

“ખુરશેદ,” મારી જીંદગીના નૂરમંદ ચેરાગ,

મારી મોહબ્બતના મીઠા ગુલાબ,

મારી શાંતિના સાચ્ચા રક્ષક,

મારી આશાના ઉંચા તારક!

ખુરશેદ, ખોરેહમંદ, ખુશબખ્ત ખુરશેદ,

મારી પ્યારી, પનોતી, સ્વર્ગવાસી પુત્રી ખુરશેદ,

તારા ખ્યાલમાં, ખુબીમાં, ખુશનુદીમાં,

લિન થઈ લખાયલી લીટીઓ,

તુંજ મધુરી મૂર્તીને માન અને હેત સાથે,

“મધુરિકા” રૂપે અર્પણ કરતો,

તુંજ ખુરશેદને ફરી મલવાની તલબ કરતો,

તારો દુખી પિતા,

હો. મી.

ખુરશેદ મારા પ્રાણ !

હું ગાઈ ગાઈ રહું અગણિત તારીફ "ખુરશેદ મારા પ્રાણ"!
તુજથીજ મારૂ જીવતર જાણે—તુજથી મારો પ્રાણ!
શું તેજ ચમકનો દૌર જગતમાં "ખુરશેદ મારા પ્રાણ"
બસ તુંજપર લટકયો ફેજ જીવનનો એ સત્ય તું માન!
દિલઅગ્નિ મુજની જલતી રહી છે "ખુરશેદ મારા પ્રાણ"
તુંજ તેજ કીરણથી પુસ્તિ દહેને—એજ સિદ્ધ તું જાણ"!
ખરેજ તુંજથી પોષણ સોરુન-"ખુરશેદ મારા પ્રાણ"!
ગગનમાં જો ઘડી સમાય—તો હૃદય થાયે છે હાણ.!
દ્રષ્ટિ પડતા મગનમય રહુ—"ખુરશેદ મારા પ્રાણ"!
રોશન તુજના દીદાર જોતા—ખુશમહે રહેછે ધ્યાન
ભલે તપે તું આગ ખપે—એ ખુરશેદ મારા પ્રાણ"!
ભલે રઝાલે બળી મરૂ—પણ તુંમા અર્પું જાન."
પરોઢીએથી—મધ્યાન ચઢયો—"ખુરશેદ મારા પ્રાણ"
તેજ નુરાની ઔાર દીપી રહી—ચકીત થયું મુજ ભાન!
નેહાળી બેઠો એ મધ્યાને—"ખુરશેદ મારા પ્રાણ"
પણ ઘમઘોર બની બાદલ ચઢયું—થયું બહુ ઘમ સાન!
કરજોડી હું હરને નમ્યો—"ખુરશેદ મારા પ્રાણ"
પણ સધ્યા કાળે પડ ત્યાં ફર્યું—પુરૂ થયુ દીનમાન."
રાત્રી સારી વલખ્યો જલ્યો—"ખુરશેદ મારા પ્રાણ"!
પણ દીઠી સહવાર નહિ બીજી મારી રહયુ તકદીર બદનામ!

મારી મરહુમ વ્હાલી અપો બેટો "ખુરશેદ"!

વહાલી દીકરી! હુ જાણું છું કે "સરજતથી મેં તુને હાલમાં ગુમાવી છે" મારા એકવીસમાં વર્ષથી બેતાલીસ વર્ષોની વય સુધીના "મારા ચેરાગ"–તુજની આ તકલીફી દુન્યાથી વિદાયગીરી મારી માયાની રોશની ખસાડી ગઈ છે. તુજ ઉપરજ રાખેલો આ ફાની દહેનો આધાર નિર્મુળ થયો છે—

ફકત એટલોજ હાલ સધિયારો છે કે, તે પાક અહુરાએ "તું વહાલી મરહુમ પુત્રી" પાછળ, બે ચશમો રાખી છે, જે ઉપર એટલીજ દુવા ગુજરી કરૂ છું કે, તુજની તે મિનોઈ જેહાનની મીઠી નજર તેઓ ઉપર રહે.

તુંજ વહાલી મરહુમ બેટીને સ્વર્ગમાં શાન્તિ મળી છે, તેજ આશામાં મનને સધિયારો રાખી, મારો કમભાગ્ય રસતો પસાર કરૂંછું—

તું વહાલી પુત્રી સાથના મારા અતિ પ્રેમાળ ભાવની અદના યાદી આ "**મધુરિકા**" તું અપો બેટીને અર્પણ કરૂંછું—

બાલ્યવયથીજ માતાનો શિરછત્ર ખોહી બેઠેલો, અનુભવ મારી રગોમાં જાયેજ છે, તેજ ગતિ માફક "ઓ મરહુમ અપો બેટી" તારા નિર્મળ બાળકોએ પોતાની વહાલી માતાનો છત્ર ખોહી દીધો છે તેથી ઉપજતા દુઃખની દાબમા દબાઇ, તે અહુરા તરફથીજ મારી ગુંચવણ, મુજવન ટાળવા હુ પ્રાર્થના કરૂંછું.

તું વહાલી મરહુમ બેટીની યાદમા સર જુકાવી, તું વહાલી દીકરી સાથ એકત્ર થવાની ઉમેદમાં

રહું છું

મરહુમ વહાલી અપો બેટી ખુરશેદ

તારો સદાનો દુઃખી પિતા

હો. બી.

બે બોલ.

" Art is the Child of Nature."

ખરેજ " કળા, એ કુદરતની માનીતી દિકરી છે." ખુદાની ખલકતને પિછાણનારી, પૂંજનારી, પ્રગટ કરનારી, તે પંચરંગી પૂત્રી છે. કવિની કલ્પનામાં, સંગિતના સુરમાં, ચિત્રની રંગતમાં, ઇમારતની રૈનકમાં, પૂતળાંની મોહકતામાં, કળા, કૌશલ્ય, જે કહો, તેક ઝમકી રહે છે ; જોનારને અને સાંભળનારને રિઝવે છે, શીખવે છે, સુધારે છે. એવી ચમત્કારિક, ચિત્ત આકાષક ચિઝ, તે કળા છે.

મારા મિત્ર હુરમીસને બચપણથીજ કળા ઉપર પ્રેમ છે. ગાયનના તેઓ શોખીન છે ; અને ચિત્રકળા તરફ ખેંચાયા છે. સંગિતકળાના શિષ્ય તરીકે શરૂઆત કરી, આજે એવણુ અચ્છા શિક્ષક તરીકે જાણીતા થયા છે, અને ચિત્રકળામાં પણ એમના " ડોન " ફોટોગ્રાફીક સ્ટુડયોનાં કાર્યો આજે પસંશા પામ્યાં છે. જે હાથો દિલરૂબા ઉપર રમતા જાય ; જે ચિત, ઉંચા ચિત્રો પ્રગટતું જાય ; જે મન, કલ્પનાના વિમાનમાં ઉડયું જાય તે જ્યારે સંગિતની કાંઇક રંગત દેખાડે, ત્યારે તે બે ઘડી જોવા અને સાંભળવા જેવી થઇ પડે, એ કેવળ સ્વભાવિક છે.

મારા મિત્ર હુરમીસનો સંગીતનો આ બીજો પ્રયાસ છે. " મીનોઇ મજાહ "માં એમણે પોતાનું " જરપોશી બેન "

દેખાડયું છે. પરંતુ "**મધૂરિકા**" માં, તો એમના ઉભરાઇ જતા અંતરના ઉભરાઓ ખાલી કર્યા છે. ખરૂં છે, કે એમના જાતિ જોશથી વ્હેતા વિચારો, અને વચનોમાં પિંગળના નિયમો પૂર્ણ રીતે પળાયા નથી. ખરૂં છે કે મરહુમ નરો મલબારી અને કાબરાજી, બાટલીવાલા અને તારાપોરવાલાનાં કાવ્યો અને ગાયનો જેવી સરળતા અને રસીકતા આ પૂસ્તકમાં પ્રગટતી નથી, છતાં "મધૂરિકા"માં જે નવિનતા અને સંગીનતા જોવામાં આવે છે, તે સારી આશા આપનારી છે, અને તે કારણે રચનારની વસ્તુ ઉતેજનને પાત્ર છે. છેવટે પ્રિય વાંચકોની વાકેફી માટે એટલુંજ જણાવીશ, કે મિ૦ હુરમંસના લખાણોમાં ઘણું કરી બે અર્થો હોય છે! એક પ્રગટ દેખાતો અને બીજો ભેદી; એક સાદો તો બીજો અલંકારીક; એક શારિરિક તો બીજો આત્મિક; જે સર્વે એમના સુંદર ખુલાસાઓ ઉપરથી સાફ સમજ પડશે; અને નવા નવા ઉચ્ચ વિચારોમાં મન રોકેલું અને રીજવેલું લાગશે.

"મધૂરિકા" અને તેના માનીતા રચનાર સાથે આપનો મેલાપ કરાવી, એની રસિકતામાં આપને મૂકીને સેવક રજા લહે છે.

વિજયા દશમી ૧૯૭૦ કિન્ડરગાર્ટન સ્ટોલ ગિરગામ બેકરોડ, મુંબઇ.	આપનો શુભેચ્છક, ગો. ક. દેલવાડાકર.

અનુક્રમનિકા.

અનુક્રમણિકા. પાનું.

"મારી માતા" મીઠી અને મમતાળુ, દિલદાર અને મદદગાર, મોતેબર અને રાહબર માતાના સબળા સદ્‌ગુણોનું, સાચ્ચી સેવાઓનું, અને ખાલેસ ખુબીઓનું, લેખમાં અને કાવ્યમાં, ચિત્ર રજુ કરતું, રસીલું અને બોધદાયક પુસ્તક, ટુંક મુદતમાં, વાંચક પ્રજાની પનાહમાં, રજુ થશે.

હરમીસ.

સંગિતના શોખીનોની ખાહેશને અનુસરીને, "**મધૂરિકા**"નાં માનીતાં ગ્રાહકોની સગવડ અર્થે, આ પુસ્તકમાં રજુ થયલાં ગાયનોનું **નોટેશન** એક જુદાજ પુસ્તકમાં છપાવ્યું છે, જે ચાર આનાની નજીવી કિમતે આ પુસ્તકના ગ્રાહકોને મળી શકશે.

“ મારા રાજ્યપિતા માટેની ભક્તિ.”

“ કલ્યાણ પદ.”

ઘણું જીવો મહારાજા—જ્યૉર્જ વહાલા પ્રતાપી
જ્યૉર્જ વહાલા પ્રતાપી.
વર્ષ રાજે સુખ છાયા—જ્યૉર્જ વહાલા પ્રતાપી
જ્યૉર્જ વહાલા પ્રતાપી.
મહારાણી હમારાં “મેરી” માતા—દર્શન જોવા ચાહતાં—જ્યૉર્જ.
કુવરો સાથે—તમ કુંવરી પણોતીની—કીર્તી રહીએ ગાતાં—જ્યૉર્જ.
હીત હેતાળનો યજમાન પુરો—પુન્ય ભાવનો ભરપુર તુરો—
રણક્ષેત્રે શુરવિરો—જ્યૉર્જ.
હિંદની દાઝ તુજ હૈડે હીંચે—રંકરાય તુજ હાથો નીચે—
ન્યાયદેવા તુ ચિંતે—જ્યૉર્જ.
ધર્મપિતા તું—રાજપિતા તું—રાજ્યપતિના રાજપિતા તું
આશા તુજથી રાખે—જ્યૉર્જ.
આશિષ તમને દે જે સઘળાં—બાળગોપાળ સૌ નગરી ન્યારા—
તુજને ન કોઇ અકારાં—જ્યૉર્જ.
દેશી વિદેશી, પર રાજ્ય સાથ—સ્નેહનો શુભ ગાંઠ બાંધે—જ્યૉર્જ.
ત્રીસ કરોડનો તું વડીલ છે—હિંદ તરફ તુજ ધ્યાને દિલ
છે—એવી હમારી દલીલ—જ્યૉર્જ.
રાણી વીકટોરીયાનો, તું તો નગીનો—પ્રેમાળ તુજ
તદબીરો—જ્યૉર્જ.
શાન્તિ સલાહનો—એડવર્ડ પિતાનો—પુત્ર પણોતો પ્યારો—જ્યૉર્જ.
જુગ જુગ તુજનું રાજ્ય તપેરે—મન્દિર મઠમાં સઉ યાદી જપેરે—
યશજશનો જીતનારો—જ્યૉર્જ.
રાજ્યઅમલમાં સલાહ ને સંપ રહો, કુટુંબ સ્નેહથી સુખીખી
તમ રહો, દુવા દઇએ હજારો—જ્યૉર્જ.
ન્યાય તમારો ઉંચો કેવો—બળસંપતનો મોભો કેવો!
પ્રભુ સ્હાય દેનારો—જ્યૉર્જ.
હર સાલ મુબારક—તમને મુબારક—સારી રીઆસતને પ્રજા
મુબારક—મુબારક—મુબારક—મુબારક,—જ્યૉર્જ.

મારા "રાજ્યપતિ"ની "સત્ય રચના."

કલ્યાણ.

સંભાળે છે—શ્રેષ્ટ સરદારી—ભળે
હિંદની—હરીઆળી ખીલી બ્રીટનની સરદારી તળે
ધ્યાન ધરે—ધ્યાન ધરે—ધ્યાન ધરે—દયા કરી
ન્યાય સાચ—ન્યાય તણી—ન્યાયની મનાડી ફરી—સંભાળે

રૈયતનાં સુખ કાજ દાજ ધરી છે—
"ધર્મ"—"લાજ"—રક્ષી—રાજ કરે છે.

રંજ ખરચી—ગંજનો—ભોગ—ભરે છે
રે! જગપતિ—રે! જગપતિ! જુગ જુગ સાચવ મુજ
રાજ્યપતિ;
એ—હુકમે—આલા—સૌ—સંપતવાળા—રહો બળમાં બાલા—
એ બારેતાલા—સંભાળે.

પ્રિય હિંદ, બળવાન બ્રીટનની ધનસાફી સરદારી હેઠળ આજે હરેક પ્રકારે દીપી નીકળી છે. એ કળાવંત સરદારી હમેશ શ્રેષ્ટાઇમાં ઝળકતી રહો! જે રાજ્ય માતાપિતા સમાન દયા અને મયા સાથ રાતદિવસ રૈયતનાં ભલાં અને સુખ કાજ જેહમત ઉઠાવી રહી છે, અને "ધનસાફની" મનાઇ—એ તો એ મહાબળ રાજ્યનો "મુદ્રાલેખ" છે. જે ઉત્તમ ગુણ એ રાજ્યના અમલમાં ખાસ ભાસ આપે છે, તે "ધર્મ"—દરેક ધર્મ તરફની લોકલાગણીને માન આપતી ઊંચી પંકતી તથા પોતાની તમામ રૈયતની "લાજ" માટેનું જતન છે. રંજ અને ગંજ ખરચવામાં અંગ્રેજ સરકારે કદી કચાસ કરી નથી—પછાત પડી નથી, પણ ધીમે ધીમે સર્વે સંજોગો જોઇ પ્રજાને આગળ વધારે છે—માટે હમો હિંદના સઘળા અદના—અને આલા—રંક અને રાય—બાળક અને બાળાએ સાથે મળી અરજ ગુજારીએ છીએ કે, ઓ "પરમાત્મા?" તું કે જે સઘળી ભુવનોનો એકજ ખોદા છે—તે ખુબીવંત ખોદા પૃથ્વિ ઉપરના બળવાન બ્રિટન રાજ્યના મહાન રાજાને અને તેમનાં કુટુંબને હમો ઉપર હરદમ સર્વોપરી રાખજે—અને અમારી પાછળ આવતી અમારી ઓલાદના શીર ઉપર પણ એજ બ્રીટન રાજ્યનું તાજ ઝળકતું રાખજે—એ અમારી અદના અરજ ઓ "નાથ" તુંએ સ્વિકારી છે—સ્વિકારે છે, અને હવે પછી ભવિષ્યમાં પણ અખંડ સ્વિકારશે, એવી ઉમેદ અને ખાતરી છે, તે આમીન થાય!

" હરીભજન."

જીલ્લો ઝીંઝોટી.

ગાવોરે–ગાવો, ભજન હરી હરીને
શિષ નમાવો–સજન હરી હરીને—ગાવોરે. ૧.

સુર્ય ચંદ્રમા દીધી બલીહારી,
જીવન જંતમાં કળ ન્યારી ન્યારી;
સૃષ્ટીભુવનમાં તુજ સરદારી,
રસ લીલામાં કસ ભારી ભરીરે—ગાવોરે. ૨.

ભરી પૂષ્પ થાળી હૃદયથી ઝુલાવી,
વધાવો હરીને–પલ્લો પસારી;
આવી પધારે તે સંતની સ્વારી,
નમન ભાવ દઈ જાવો વારી વારીરે–ગાવોરે. ૩.

માથે મુગટના ફેણ પ્રસારી,
નેણ બાણના તેજ તપાવી;
ઝુલ ઝાલમાં રથ દપકાવી,
મગનમય રહે આનંદે ભારી ભારીરે–ગાવોરે. ૪.

૧. સદ સમાજીઓ, તમારાં સર ઝુકાવીને તે "મહા બાપને" પ્રાર્થનાના ભજનથી વધાવી લ્યો.

૨. જે પિતાએ કેવી મહાભારત ચાતુર્યતાથી, સઘળા જીવોને પેદા કરી તેમાં તેજસ્વિ સુર્યરાજની હાજરી આપી કેવી સુખાકારી પાથરી છે, પોતાની ઉત્તમ સરદારીને, દરેકમાં કેવો મોહક કસ, રસભરી, પમરતી કરી છે;

તેને ઊંચ ગુણથી સજ કરી તમારૂં હૈડું, જે ફુલની થાળી સમાન છે, જાણે હરી–તમારી સમક્ષ હોય, તેમ નમી, અંતરથી વધાવી તમે ભજો. એવાં ભણતરથી તથા સ્વચ્છ ચિત્તથી, જાણે તમારા રગેરગમાં, હરીની હાજરીનું ભાન થશે.

૩. તેજસ્વિ તપતા તરેહવાર સેતારાઓનાં કીરણો જાણે કે, પ્રકાશિત ફેણ આસપાસ ફેંકી ઉભા હોય, તેમ દરેક સ્થાને તમો તેનાજ કાર્યનો પ્રકાશ જોશો. જાણે કે આ અખંડ બ્રહ્માંડ યાને આ તમારી નજર આગળ ફરતી દુન્યાજ માત્ર, એક ભારી વિસ્તારમાં, ન જોવાઈ શકે એવો રથજ છે—જેની ખુબી ગાતાં કેવો જીવ લયથી–આનંદથી ભરપૂર થાય છે. માટે મન સાફ રાખી, બદીથી મન ત્યાગ રાખી, સંપૂર્ણ સાચવટનું બલિદાન આપી, તે હરીને હરદમ યાદ રાખી, તમારૂં જોમ હમેશ જોરદાર કરો.

"દયાળુ દીકરી."

માઢ.

દીકરી દયાની–છે પુર મયાની
ભલે ક્યાં સિધારે–પણ "મા"ના કહયાની—દીકરી. ૧.

જન્મ સમયથી–જે લક્ષ્મી ઠરી છે
ગુણો ચુનીને બની ગુણી સાની—દીકરી. ૨.

ભલે ભાઈ બહેન હો પાછળ તેની
મદદ "મા"ને આપે છે કેમ પ્રેમ જાણી—દીકરી. ૩.

દીકરી તો ગાય, જ્યાં બોલાવે જાય
કદિ "મા"ના હેત ઉપર ફરશે ન પાણી—દીકરી. ૪.

જન્મ મહીરે લીધો—અંત સાસુરે દીધો
વહુ વેશ કીધો—નથી કાઇ અજાણી—દીકરી. ૫.

વર ઘર કદિ હોય, સુખ દુખ ભારી
ખબર "મા"ની રાખેછે–છુપી રાખી કહાણી–દીકરી. ૬.

ભલે પરણી સાસરે—સિંગાર કરી લે
રહે ભવ ગુજારી પતિ સાથ થાની—દીકરી. ૭.

૧. દીકરી ગમે ત્યાં પધારે, તોપણ તેણીની માયાની ગણત્રીમાં માતા નચિંત બેઠી છે.

૨. જન્મતાંજ દીકરીને લક્ષ્મી ઉપમા આપી છે; કારણ ગરીબ ઘરમાં તો દીકરીનાં કામકાજો આશિર્વાદ સમાનજ છે. અને ગુણોથી ભરપૂર છે.

૩. પહેલીજ જો પેદા થઇ, ત્યારે તો પોતાની પાછળનાં ભાઇ બહેનની જતન કરી માતાને આરામ આપવા કેવી કામ લાગે છે, જેમાં ફકત તેની પ્રેમજ માને છે.

૪. સાલેસ, રાંક દીકરી માતા ફરમાવે, તેમ કરવા તૈયાર છે. ભલી અને કોમળ હૈડાંની દીકરીના દિલમાંથી માતા માટેનો પ્યાર કદિ ચૂકાનો નથી.

૫. માતાના લાડમાં લડી, માતાની ગોદમાં ખેલી, આખરે સાસરે જવાનો અને ત્યાં ભવ પૂરો કર-મોઠ, માતાથીજ બાળ્યઅવસ્થામાંજ ભણીછે. સાસરીયાના ઘરમાં સુખ દુખ વધતું ઓછું ખમે છે, માતાની ખબર રાખે છે, પોતાને મળતાં સુખની બહુજ તારીફ ગાય છે, અને કદાપિ દુખ મળ્યું તો, માતાની કદર રાખતાં, દુખ માતાથી છુપાવે છે.

૬. પણોતી દીકરી ભલે સાસરે સિધારે, અને ગમે એમ હોય, પણ તારા પતિ પાસ તારી છેલ્લી ઘડી સુધી સાથે રહે!

" સરસ્વતીની—સેવા."

હોરી કાફી.

૧. ગુણે ગુણ જ્ઞાને પ્રકાશે—તને સુખ જેના સુવાસે
રૂડો સંસાર એ સાજે—ગુણે
"હોડી"—હો—ભારી—સઢોથી શ્રૃંગારી.
સુકાણ વિન નવ ચાલે.

૨. જ્ઞાન વિના "સંસાર સુખ સાગર"નો
ભવ કેમ પાર તરાશે—ગુણે
ધરી દાઝ હૈડે "સરસ્વતી"ની,
સેવા—પ્રભુની નીભાવો—

૩. દાન—દયાને ધર્મનાં કામે—નામ અમર તેજ
કરશે—ગુણે
"બ્રીટીશ રાજ્ય"ના રૂડા ઉમંગે—શાળા જગાજગા
સ્થપાયે,

૪. બાળતણી કુળ કેળવણી કાજે—યોગ્ય સહાય "તે"
દે છે—ગુણે.

૧. ગ્નાનથી સઘળા સદ્ગુણો દીપી નીકળે છે—જેથી માનવી—સર્વેને અને પોતાને સુખી કરે છે, અને તેનો કુટુંબ સંસાર યોગ્ય રીતે પસાર થાય છે—માટે ગ્નાનનો ફેલાવો કરો—ગ્નાનનો ભંડાર ખોલી માહેથી ખોભા ભરી ભરી સર્વેને આપો !

૨. નાનો મચ્છવો ગમે એવા સઢથી સજ કર્યો હોય—પણ સુકાણુ વિના સીધો ચાલી શકતો નથી—તેમજ "ગ્નાન વગરનું મનુષ્ય" કશોખી ખરો સુધારો કે ઉપદેશ કરી શકતું નથી—યા કાંઇ ઉન્નતી પામતું નથી.

૩. દિલમાં ઉમંગ ધરીને ગ્નાનની દેવી જે "સરસ્વતી માતા" લેખે જાણીતી છે, તેને પુંજો, અને ગ્નાનની પુંજામાં હરી કોરતન કરો—આસપાસ "ધર્મ દાન" કરો ! જેથી તમારૂં નામ, ને કામ જગતમાં પ્રકાશિત રાખી જશો !

૪. ભાગ્યવંત બ્રીટીષ રાજ્યના રાજ વહીવટમાં સ્થળે સ્થળે બને છે, ત્યાં નાની તેમજ મોટી નિશાળો—હજારોના ચાલુ ખરચના નીભાવ સાથે સ્થપાયલી આપણે જોઇએ છિએ; અને બાળકની ખાસ કેળવણી માટે યોગ્ય ધ્યાન માનવંત સરકાર આપી રહી છે—જો ભવિષ્યની ઓલાદને ઓસીંગણી ન રાખવા ચહાતા હોય, તો કેળવણીનો—વિશેષ કરી ધર્મ કેળવણીનો—તેમજ બાળ કેળવણીનો ઉંચો પ્રારંભ કરો—જેથી ઉગતી ઓલાદ પોતાની ચઢતી કળા આભાર સાથ યાદ કરી આગળ વધતી જશે, અને સત્ય માર્ગ હાંસલ કરશે !

" સુર્યની સ્વારી.

માલકોશ.

ઝુકાવી રહી સર ભલી બામદાદ
હરિઆરી હરબારી કરતી પુકાર—ઝુકાવી ૧.
હઠાવી કબુદ રંગની ભારી કટાર
ફીરોઝી ફીરોખીએ ખીલતી સવાર—ઝુકાવી ૨.
ઝંઝોર જબરદસ્ત નોડી ખરી
ખુશબો ને ખુરમીમાં રંગત ભરી—ઝુકાવી ૩.
ધમકની ધજાઓમાં હાલો ધરી
ચમકમાં ચમકતી ખુદ ખુશનુદ હરી—ઝુકાવી ૪.
તરો તાઝગીમાં એ ખલકત તમામ
નુરી આફતાબીએ '—દીધો દમામ—

૫૫૩૮

૧. ખામદાદની સ્વારી, આસપાસ લીલોતરીનો છણ-કાવ કરી સર ઝુંકાવી, સુર્ય દેવતાને, સલામી કરતી ઉભી છે.

૨. કાળી કીલ રાત્રીને જાણે મારી હઠાવી, ઝલકાતની ઝલકતી, સૂરખી પમરી રહીછે—અને સવાર પૂર બહારમાં ખીલી રહી છે—રાતની દેવિ હાથમાં ઢાલ પકડી, રાતનું રક્ષણ કરતી ઉભી હતી, તેને સુર્યનારાયણે પોતાનાં કિરણોની કટારીથી તોડી હરાવી, હઠાવી છે. જાણે જગત ઉપર એક કાળી ઢાલ ઢાંકી હોય, અને તેને જબરદસ્ત જોરથી તોડી હોય-તેમ સુર્ય દેવતા, સર્વે સ્થળે નમૂનેદાર ખુશાલી પાથરી રહયો છે. અને તેનાં તેજસ્વી કિરણોનો ઠઠેરો, જાણે રંગ બેરંગી ભાલા અને ઢાલ ધરાવી, તોર ધરી રહયા છે.

૩-૪. કુલ ખલકત તાજગીમાં તાજ પહેરી, ચમનમાં ચાલૂ થયું છે, અને નુરી આફતાબે પોતાના દિવસના રાજયનો કબજો લઈ, પોતાના રથ ઉપર, ઉગમણથી હાંકી, આથમણ તરફ ઝૂકાવી રહયો છે.

૫. અરે ભાઈ! આ સઘલું શું તારી કંટાળેલી આંખને રાહત આપવાને પૂરતુ નથી? માટે જાગ! મારા મિત્ર! સુર્યની સ્વારીમાં તું સામેલ થા! તેનો પવિત્ર પ્રકાશ તારામાં પ્રગટ થાય, એ મારી પ્રાર્થના, તને આમીન થાય.

" શુદ્ધ અને અશુદ્ધ વાણી."

કલ્યાણ.

શુદ્ધી વાણી—ફળ પામી—જગ સમાય રી
દુરાચારી—સમ નવ તે કટાય રી—શુદ્ધી વાણી. ૧.
નીર નાળે નાળા, વહે રસીઆળા
તરસ પશુજન—છીપે તરસીઆળા
તેમ પમર સુબોધતની—જગ મચેસારે
રંગ અનેક, પ્રદિત છાપી—શુદ્ધી વાણી ૨.
શુદ્ધ વચનનો સંસાર સુખાળો
આપેક્ષ, દોષથી, રહે તે નીરાલો
કષ્ટ કપટ વન, સ્પષ્ટ મન રહે
સંપત તનને આદી આપી—શુદ્ધી વાણી ૩.

૧. શુદ્ધ અને રૂડાં વચન, મીઠા બોલો, અને નરમાશથી કીધેલી વાત, હમેશ જગતમાં બોલનાર અને સાંભળનારને, "મધુરી માયા"માં મઢી રાખે છે, અને અપ-શબ્દોથી, લોઢાં ઉપર જેમ પાણી પડવાથી કાટ ચઢે છે, તેમ તેનાં ફળો બહુજ ખરાબ મળે છે, અને બોલનાર હાડમાડ થાય છે.

૨. પાણી જેમ નાળામાંહેથી વહી, સઘળે પસાર થઇ, વનસ્પતિને પૂષ્ટ કરી ફળદાર બનાવે છે, જેના વહેવાના રોહ માંહેથી, જન, પશુ, થોડું પીને, તરસ મટાડી રાહત લે છે, તેમજ સારી વચનવાણીથી જગમાં મમતાળુ રોહ પથરાય છે, અને તે માંહેથી અનેક પ્રસંગે સારાં પરિણામ નીપજી, સુખનો સંગ્રહ કરવાની ગતિ ચાલુ રહે છે.

૩. સંસાર જે દરેકને માટે એક નાનું જગત જેવું છે, તે શુદ્ધ અને ભલા બોલથી સુખી થાય છે, અને કશાખી દોષમાં તહોમતથી નીરાલો રહી, સુખરૂપ બને છે—બનાવે છે મન કશીખી ધાસ્તી વિનાનું મોકળું રહે છે. અને તનને પણ કશીખી વેદના, યા દુખથી દુર રાખે છે, માટે ભલાઇ ભરેલી શબ્દ વાણીની વાણુ કરવી નહિ, અને એક પણ આડા સખૂનથી કોઇનું મન દુખી કરવું નહિ.

"જય ક્યાં ? જ્યાં જય છે ત્યાં."

ચમન.

જય જય રહે સત્ય સાચતણો—જય સત્ય તણા રાજ
પાટ તણો
કુલ કાજતણો, હર લાજતણો—જય રહે ભ્રાતૃભાવ તણો—
જય—૧.

કુલ આલમનો અરમાન ટળે—કુલ દાયમ દુખનો દાદ મળે
દીલ દાઝ ધરે શિર ભાર ભરે—અનદાતા રક્ષણ હાર કરે—
જય—૨.

શુધમન માતામાં પ્રેમ ધરે, રે માન, પિતામાં જાન ધરે
સતમીતના ચિત્તમાં હામ ધરે—બહેની હરદમપર વહાલ
ધરે—જય—૩.

કોણ કાળ તણો રે ખ્યાલ ધરે! પ્રભુ નિર્માણી હાલ કરે
નહિ ભાલ જડે—કાંઇ સાર મળે—જે જગદીશ્વરથીજ
પાર પડે—જય—૪.

૧. નમુછું તે સાહેબને, ચાહુછું " કે સત્યતાની હરદમ ફતેહ થાય! સત્યના સીકકાના રાજકર્તાની હમેશ જય થાવો, દરેક સાચ્ચા કામની, દરેકની લાજની રક્ષા થાય, અને સઘળે ઠેકાણે, ભાઇચારાની લાગણી પ્રસરી રહે"!

૨. કુલ જગતના લોકોને, જે ઉંચ અરમાન હોય, તે પૂરો પડે. જગતને કંગાળપતમાં કચડી નાખનારો દૈત્ય તૂટે, અને આદમજાત અરસપરસ પરીચેહ રાખી, એકમેકના દુખનો ભાર ઓછો કરી, સર્વને નિભાવી, બચાવી સુખી રહે, એવી હું દુવા ગુજારૂછું, તે આમીન થાય!

૩. જેવો પોતાની માતા ઉપર સાચ્ચું હેત રાખે છે, જેવો પોતાના પિતા માટે પોતાનો જાન જોખમમાં નાખવામાં માન સમજે છે, જેવો પોતાના સાચ્ચા સાથી માત્રની વફાદારી ઉપર આધાર રાખી, જફાકારીમા જીવ જીપલાવે છે, જેવો બહેન અને ભાઈ ઉપર હરદમ વહાલ રાખી, નેક નજરથી વર્તે છે તેઓને આબાદાની અને ફતેહ ચાહુછું.

૪. કાળની કોઇને ખબર નથી, અને ભગવાને જે અચલ ચાલથી નેમી આપ્યું હશે, તેવોજ તારો વખત જશે, તે કીરતારની કુદરતની, તેની કરામતની, કે મરામતની, કોઇને નિશાણુ માલમ પડતી નથી, અને પડશે પણુ નહિ, અને "તેનેજ" જે આઠવું હશે, તેજ આખરે થશે, માટે સઘળી દુવા સાથે, સઘળાંઓ સુખમાં રહો—ભાઇઓથી, સગા સ્નેહીઓથી, માત પિતાથી, રોજી બરકતથી એજ દુવા આમીન થાઓ, અને સત્યનો વિજય વાવટો, સર્વે સ્થળે હરદમ ઉડતો રહો! સત્યની જય સદા થશે.

"ખોરેહમંદ સ્પીતમાન જરથુસ્ત્ર".

આસાવરી.

"દીન" મજદીયસનો પાયો—ભલે રહ્યો
મજદીયસનો પાયો.
ભલી—મનસની ભલી ગવસની.
ભલી કુનસની લાયો—અષો જરથુસ્ત્ર આપણને
પાયો—ભલે. ૧.

અહુરમજદની પૂરી નૂરી નિહાળી,
"ગેતી મીનો" ની ખુબી પીછાણી.
"અષેમ યથા" ને નિયમે ચાલી—ખલકત
સારી દિપાવી—રહ્યો. ૨.

"મીથ્રવાણી" ની કરી નિશાણી—ગુપ્ત
ભેદની બાતેન જાણી,
દરૂજ દૈત્યનું—કુવત કાપી—"મહુજબી"
દીન બચાવી—રહ્યો. ૩.

૧. શુક્ર તે બારે હકતાલાના હજારો હજાર! કે મજદી-યસનાન ટોળાનો મરતબો હજી સુધી ધર્મ સાથ મુસ્તકીમ રહયો છે—કે જે ધર્મ લાવનાર જે પંથ સ્થાપનાર આપણા પુજ્ય પયગામબર સ્પીતમાન જરથોસ્ત્ર સાહેબ હતા, જેઓએ દરેક અભણોને તેમજ વીદ્વાનોને ટુંકમાં સમજ પડે એવા થોડાજ શબ્દોમાં પુખ્ત ધર્મનો મર્મ, યાને અર્થ, મનસની ગવસની અને કુનસનીની સાદી કલામોમાં આપ્યો છે. અને ઇરાનવેજના ધનભાગ્ય કે આવા રહેમી રાહાબરની રક્ષા તે સર જમીન ઉપર ઉતરી.

૨. જે ભલા સ્પીતમાન જરથોસ્ત્ર સાહેબે, ખુદ અહુર-મજદથી "રોશની" મેળવીને, આ અને પેલી અણદીઠ જેહાનની દરેક ખુબી પીછાણી પોતાની પાછળ, સાદી તપ-સીલમા પણ આજની ધર્મમાં અજ્ઞાની ઓલાદને, બેમુલ્ય ખજાના મીસાલ વારસો આપી ગયા છે—અને "અષેમ અને યથા"ના મહા વિશાલ અર્થ ધરાવતા કલામો, બક્ષી પોતાના વખતની, હાલની તથા હવે પછી આવતી ઓલાદને, ખરો માર્ગ બતાવી ગયા છે.

૩. મીઆના હેરત કરનારા કલામો, શોધી તરેહવાર ગુહય ભેદના ખુલાસા, સાદા બોલોમાં, શાસ્ત્રવિધાના ઉંચા, તોરને શોભાવે એમ, સજ કરી ગયા છે—તે વખતના નીચ દગા-ખોર કાવત્રાબાજ તથા હરતરેહ ઇનસાનના સુખનું સત્યાનાશ કરાવનાર, દરૂજ સમાનના આદમ ઇબલીસોને, પોતાના માહાબળી જ્ઞાનના જોડે પટકી નાખી, કુલ જગતને શાંન્તિ આપી ગયા છે. એ ભલી મનસની, ગવસ્નની કુનસનીના નિયમ ઉપર, ખુદ જરથોસ્તીઓજ ચાલે, તો માત્ર તેઓનેજ ફાયદો થાય એવુ કાંઇ નથી. પણ દરેક, કોમ, જાત, ન્યાત એ પ્રમાણે અમલ કરે તો આયંદે તેઓને અને સર્વને ફાયદોજ થાય. જોકે હજારો વર્ષ વહી ગયા છે, છતાં પણ આપણાં વચ્ચે તેજસ્વિ કીરણોમાં, પ્રકાશતો તપતો, આંખ આગળ નુરેમંદ નુરી સાથે, હાજર છે—જેવો જોઇ શકતા નથી તેથી એમ ન ઠરતું કે "તે ઝાંખો છે—ના! જોનારની આંખો ઝાંખી છે.

" દાદારની દાદ. "

કાહાન્ડો.

દાદાર દાવર—ખુદાવંદ ખુદાયા.
રાખો અમારાપર—શાહયો ખુદાયા—દાદાર. ૧.
દિલથી નમીને—ખંતથી ભજીએ
તુંજ દરગાહમાં સર—ઝુકાવું ખોદાયા—દાદાર. ૨.
બુરા ગુણોને દ્રઢતાથી તજીએ
હળીમળીને શીંગાર સાફ સજીએ.
નેક રાહે—ને—નેકીના માર્ગે
હરદમ નેકીમાં—મદદ કર અમુને—દાદાર. ૩.
પરવરશ અમારી—કરજે સદાય તું.
અમારી ઇજત—લાજ—રાખે ખૂદા તું.
હમ બાળ બચ્ચાંનો—પાલક ખરો તું.
ચાહી સલામતી—ઓ શૂરવિર નરો તું—દાદાર. ૪.

૧. ખોદાવંદતાલા, પાક પરવરદેગાર અમારા ઉપર તારો છાયો રાખ? અમો તને ખરા મનથી નમી તારી પેદાયશોને તારી દરગાહ સમજી, સર નમાવી તારી બંદગી કરીયે.

૨. સઘળા ખોટાં વિચારોથી, અમો દુર રહીયે. અને સલાહ અને સંપથી સાથે, મમતામાં રહીયે—નેકીના કામ માટે, નેક રસ્તા ઉપર ચાલવા, ઓ દાવર ! તું અમોને મદદગાર થા. (!) અમારી શક્તિ મુજબ અમો જે વિચારીયે, તે જ્યારે ખરા માર્ગ ઉપર ચલાવનારૂં ન હોય, ત્યાંજ તું અમુને સહાય આપ, કે જેથી અમો તારો માર્ગ ચુકયે નહી, નેક વિચારના અને નેક કામ કરનારા થઇએ.

૩. અમારી પરવરશી તું હમેશ કરતો રહયો છે, અને કરશે. અમારી આબરૂ ઇજત સંભાળી અમોને, સર્વદા શુભ કૃત કરવા શક્તિ આપ! અમને અને અમારા બચ્ચાંઓને, તેમજ તેઓ પાછળ આવનાર બાળગોપાળનો તું ખરો એકલોજ માલીક અને તારક છે, એ સઘળાની સલામતીની દોરી તારે હસ્તક છે; માટે ઓ જગના બાપ, તારી રહેમ નજર હરદમ અમો ઉપર રાખ! અમોને "નેક મનસનીમાં ઉછેરી ગવસની માહેથી પસાર કરી નેક કુનસનીના કામો કરાવતો રહેજે!"

" સત્યનું શિખર. "

જીલ્લો.

કેમ સત્યની વ્યાખ્યા ગાવું ?
ગાઈ ગાઈ લહેર—કયા જમાઉ—કેમ.
વિનાસી બદનમા કેમ સમાવું;
વાંસો લેવા કેમ વીનાવુ—કેમ.
પ્રભુ પાળજો આ સુખરૂપ સાથી
નહિ જાત જાતી કોઈ ન્યાત સંગાતી—કેમ.
(હરિશ્ચંદ્ર) હર–ઈસ–ચંદ્ર–નો ઉદય શાને
સત સિંધુના સાંધ પ્રણામે—કેમ.
સખી સાવીત્રી—રહી સત સંગારી
વૈકુંઠ લોકમાં—ગાતી ગાતી થઇ—કેમ.
બાળકપણનો કાળ સુખાળો.
યુવાની સાથ અતિ રૂપાળો—કેમ.
સત્ય સત્યની શાખા વધાવો
ઉડતી ફરે હરિ, હરની ધ્વજાઓ—કેમ.

સત્યની તારીફના તાર કેટલા કાઢું, અને તારીફ ગાઈ રહયા પછીની ઉભરી રહેતી મોજ કયાં સમાઉં.

આ નાશવંત બદનમાં તેને રહેવા માટે કેમ જગ્યા કરૂ– યાને તે બદન એટલુ બધુ પાપગ્રહથી ભરાઈ ચુકયું છે કે, તદન તેનો સમાવ થવો મુશકેલ છે, પ્રભુ પિતાનો આ કેવળ સાજ છે. જેની કશી ન્યાવી યા જાતી નથી. યાને કોઈબી તે નિર્ધારી શકે.

ઇશ્વરના દરેક જીવડાઓનો ચઢત ભાવ–સાવ સત્યથીજ છે. અને સત્યનો સાથ મળવાથી, પાપનો ઉગારો કરી આગળ વધાય છે. પોતાની અંજાણ ભુલથી, એક બ્રમચારીની ફોડાયલી આંખથી, ત્રાસ પામી પોતાની કોમળ વયની જીંદગી, આખી આધ, તેણી ધણિઆણી થઇ, તેવી “સબી સાવીત્રી,” જે પરલોકમાં નામના મેળવી રહી, તે પણ ‘સત’ થીજ થયું. બાળક માત્રનો ગોઠીઓ સત છે–જેથી તે નિર્દોષ ગણાય છે–અને એ બળ સાથે રહયુ તો જીંદગી યાને ભર જુવાનીમાં, પણ તેજ બાળક પુર નુરમંદ લાગશે.

માટે સત્ય કામની નામના કરો? જગે જગ સત્યનો પ્રકાશ ફેલાવો. જેથી જયા હોય ત્યા હરિની યાદ રહે, કારણ કે સત્ય તેજ સત–યાને પ્રભુ પિતા છે.

"સદગુણ સાજ."

કાફી હોરી.

સદગુણી સુંદર સાજ,
બહેની તનમાં વસાવી—
જગમાં દીપાવી, લે—સદગુણી. ૧.

કમળ શિયલનું વમલમાં પડે જો,
તૂટસે ન તે સુન લેબાસ—
માટે તનમાં વસાવી લે—
જગમાં દીપાવી લે—સદગુણી. ૨.

પડી ધંગ ધજામાં—ફુલ રંગ મજાહમાં,
ન કરવી જો ફેરો ચોપાસ
માટે તનમાં વસાવી લે—
જગમાં દીપાવી લે—સદગુણી. ૩.

૧. વહાલી બહેનો, સદ્દગુણને હમેશ હરી રાખો ? અને દરેક કામ વેળા, સદ્દગુણના ભાવથીજ, તમારૂ વર્તન કરો, કે જેથી જગતમાં તમોને શોભા અને માન મળે.

૨. ઘડીભર તમારી ઉપર આફત આવે, ઘડીભર તમારી લાજ જવાનો સંજોગ આવે, તેજ વખતે તમારા ભારે સદ્દગુણના પ્રતાપથીજ તમો કદીબી કોઇની ફાંસમાં આવશો નહી, અને સદ્દગુણનાજ સદાચરણથી, તમો એટલા શુરવિર બનશો, કે તમારી હોરમત, આબરૂ કદિબી કોઈ લુટી શકશે નહિ.

૩. આ જગમાં વારંવાર દુઃખો ખમવા ન હોય તો, હલકા ઢંગમાં પડી, નાઝ નખરાંમા સપડાતા ના, પણ સારા ગુણો સંપાદન કરી રાખવાની, અને તેની તાલીમ, માબાપે આપવી અવશ્યની છે; એ વાત વિસરશો નહી—સદ્દગુણ એ ખરોજ સાજ છે—અને તેજ પ્રમાણે વર્તશો તેમાજ લાજ છે.

"શુદ્ધ" અને "અશુદ્ધ"—વિમાસણની અસર.

જોગ્યા શાખી.

શુચિત મનની "હુમત" યાદે—અદ્રશ્ય રંગ રંગ વ્યાપે.
"હુખત" તણા કેવળ અન્ય—(અસાધારણ).

મનહર રૂપ રૂપ ઝરણે (પંથરાય).

૧. તરૂણ એ દુવા દઇ સૌને—સમાવો "હુવરસ્ત" તનમે.
"દુશમત" થી ધ્વજની ભ્રષ્ટી.
"દુજ્જુખત" ની મતી રહે કષ્ટી.
"દુજ્જુઅરસ્ત" મુળ બદબખ્તી.

તજો રાહા દુરૂજના ખપની—

૨. "અશોઇમા" ભરો ઉમંગ જપની—સુચીત.

સ્વચ્છ મનમાં "ખાણ ખુબીની"—હરદમ ભરી રહી ભારી
જયાં ધરો ત્યાં અસર પમર રહે,
નેકી તણી ત્યાં સારી

૩. કરી લે જપતી "મનસની" સારી—"આખેર"
"ગવસની કુનસની" ન્યારી.

૧. પાક મનથી તારો બનેલો "હુમત" શબ્દ હમેશ તારી તેમજ જેઓ માટે તું ભણતો હોય તેઓની આસપાસ ઘણોજ સુંદર રંગનો ખોરેહ પાંથરશે, અને તે પછી "હુખ્ત"થી તે રંગોના આકાર થઇ "હુવરસ્ત" શબ્દ સાથે તુને યા બીજાને મદદગાર બનશે, અગર "દુશમત" ખરાબ વીચારનો શબ્દ ઓચરશે તો તેથીજ ઉલટીજ અસર થઇ તારો પોતાનોજ ખોરેહ તું બીગાડશે; અને "દુઝુખ્ત" યાને ખરાબ બોલ મુખથી નીકળતા તારી આસપાસ નબળા નાશવંતા આકાર ઉભા રહેશે, અને તને પોતાનેજ કાંઇ ખોટું કરવાનુંજ સુજ પડશે, અને છેવટનો શબ્દ "દુઝુખ્ત" ખરાબ કામ વપરાશમાં આવ્યો કે તારૂં નુકસાન અને બરબાદી તું પુરીજ કરશે.

૨. માટે પાક મનથી ખુબીનીજ સાચી તારીફ ગાઇ લે કે જેથી જયાંબી તે પંથરાશે ત્યાં ભલી ને ખુબીવંતી ખોરેહનો છણકાવ કરશે. એ માટેજ "ભલા વિચાર" "ભલા શબ્દ" અને "ભલાઇના કામ" કરી લે કે જેની આખેર યા સેવટની અસર તુંને તેમજ તારી આસપાસનાઓને જોરેમંદ ખોરેહની ખુબી દેખાડશે.

"મ્હારી માતા."

જીલ્લો ઝીંઝોટી.

ગુણો વાપર અતિ ગુણકારી—રે.
૧. તું તો આખેર બની છે નારી—ગુણો.

પ્રભુના પાલણુમાં શ્રેષ્ટ બની છે,
જગ રચનામાં નેક બની— છે
૨. માતા નામ તુંજ ભારી રે—તું તો આખેર.

સરીઆમ તારી કોમલ કાંતિ,
માયા મધુરી રહી તું જાણતી,
રાખી સબુરી ધીરજ શાંતિ.
૩. બાળ ગોપાળ આભારી રે—તું તો આખેર.

જંગ શોકમાં તુંજની છાયા—
સુખ દુ:ખમાં સર્વની દાયા.
શીયળમાં તુંજ શોભે કાયા—
૪. તુંજ વિના જીંદગી ખારી રે—તું તો આખેર.

તુંજના સતમાં સતવંતે ચાલે—
વેર અભાવ સૌ તુંજથી ત્રાસે—
અંધ હતું ત્યાં ઉજાશ થાશે.
૫. "સ્વર્ગ" તણી તું બારીરે—તું તો આખેર.

૧. આ જગતમાં તું એક નારી—અવતારમાં જન્મ લઈ આવી છે. અને તેથીજ ઉમદા ગુણોથી તું તારી સ્થિતી સાચવ.

૨. પ્રભુની ભિન્ન ભિન્ન રચનામાં તું સર્વથી મહાન પૈદાયશ છે–જગતમાં તું "નેક" કહેવાઇ છે અને તેથીજ તારૂં મોતેબર નામ "માતા" મધુરી છે.

૩. તારી કાયા ઘણીજ નાજુક છે જેમા નરમાસનો મર્માસ ભર્યો છે, તે સાથે તારી સહનશીળતા અને ધીરજથી સઘળાં બાળગોપાળ નાના અને મોટાંને ત્હારા સદાના આભારી કરી લીધા છે.

૪. લડાઈના મેદાનમાં ઘાયલ થયલાઓની માવજત કદરથી કરનારી, શોકમા દીલાસો અને હીમત દેનારી દયાની દેવી તે માતાજ છે. રંગ રંગતમાં તું સર્વેની બાઇ છે–દુઃખમાં દરેકની ખીદમત કરનાર એક દાઈ છે. તારી પવિત્રાઇ તથા પતિવ્રતાપણામાં તારૂં સ્વરૂપ શોભે છે, અને જ્યારે એ "માતા" તારૂં છત્ર અમારા શિર ઉપરથી ઉડી જાય છે, ત્યારે સઘળું નકામું લાગે છે અને રહે છે.

૫. સત્યની દિપક તુંજથી વધી છે–તારી બરદાસ્તથી સત શુરવિરો અને જંગ બહાદુરોને પેદા કરી દુન્યામાં સતવંતા કામપર તેં રવાના કર્યા છે. જ્યાં દુશમની કીનો હોય ત્યાં તારી હાજરીથી વેર અને અભાવ દુર થઇ જાય છે. ટુંકમા જ્યાં અંધારૂં હતું ત્યાં તુંજના પ્રકાશથી ઉજાશ કરી વળે છે. શુભ સંસાર શુરૂ થાય છે. ગોયા બહેશ્તના બાગમાં જવાને રાહ દેખાડતી તું "સ્વર્ગ"ની બારી છે, બલી છે બળવંત શક્તિ છે.

"નેકીની નસીયત."

કલ્યાણ લાવણી.

માત પિતાને માન આપી બહેન—
નેક વિચારી ચાલો તમ,
કલેશ કલહને દિલથી તજાવી—
અહુરમજદની પુર પાડ નેમ
ભાઇ **બહેન**પર કદર નજર, ને ધરી
વિવેકની વાત કરો,
ગરીબ કરીબપર મમતા હેતે—
બહેમનના રિત અદા કરો.
કદિ અદેખાં પડી બડખાં—બનવા તમ તૈયાર ન રહો
અષેમ તણી યાદ ભરી વફાપર,
અરદીબેસ્ત મન ફીદા કરો.
શેહેરેવરને શાન સોકટમાં,
નમાવી સર ફર્જ સદા કરો.
સ્પેનદારમદની સરદારીમાં—ખીલે બાગ ઘર સ્વર્ગ સમા
તંદુરસ્તી ચાહાવી હો તો, જતન કરો **ખારદાદ** તણુ.
અમેરેતાતમાં ખતમ થશે સુખ—અમરગીમાં ઘણુ ઘણુ.
રહીમ કરીમની યાદ દિલમાં—મર્મ ગણો તો પાર નહિ
જીવ ધર્મનું ધ્યાન ધરો દિલ, એથી જગતમાં
હાર નહિ.
દયા ધર્મને દિલે દિપાવી—નવા રંગમાં રાખો રૂપ.
વારી આવે ફરી ફરી નહિ, જાણવા
ખુદાની યાદ કંઇ.

માત પિતા ઉપર પ્રાણ પ્રિય હેત રાખો, નેક વીચારો, નેક ઉચ્ચારો, નેક કામ કરો. કંકાશથી ઘરને બચાવો, અને અહુરમજદની યાદ જાયેજ રાખો !

કદર અને માયાની નજરથી ભાઇ બહેન ઉપર દેખરેખ રાખો, તમારી રૂડી અક્કલથી ગરીબ ઉપર રહેમ નજર લાવો, બીજામાં ઉચ્ચ ગુણોની ખીલવણી કરો જેથી બહેમન અમશાસપંદની અક્કલ ઉપરની મવક્કલ સરળ અને સાબેત રહે.

દરેક અમશાસપંદોની ખુબી ગાવો, કે જેથી તમુને તથા સઘળાને ખુશનુદી મળતી રહે—શહેર ગામ સુખી રહે. જન જાનવર આબાદ રહે, ફળ ફળાદી તરો તાજગીમા રહે. તમારા તનમા આરોગ્યતા પ્રસરે. પાક અહુરામજદાની હંમેશ તારીફ ગાઈ બંદગી કરો. તેના ગુહય ભેદની કાંઇ પારજ નથી દેખાવાની. સુદ્ધ વીચારોથી જીંદગી ભોગવો, અને જીંદગીનો આ ફેરો ફોકત નહી જવા દેતા, તેને ઉત્તમતાથી ભોગવો. કારણ જીંદગીની અમુલ્ય ટક, જે બક્ષવામાં આવી છે, તે વેળાજ અમર્ગી માટે સઘળી કોશિશ કરવી જરૂરનીજ છે.

" પનોતી પ્રભાત. "

માલકોશ.

પુજ્યમા પમરતી પણોતી પ્રભાત.
ફરી આઠ ફેરા ફરેલી પ્રભાત.
પધારી સુફેત સાજ સજીને પ્રભાત.
સીહાં રાતનુ લીધુ છે—ભારી જગાત—પુજ્ય.
દીધા ઝુલ ઝાંકળે, છણકાવ કરી
વીંજી વાએ ડાળીને, ગણકાવ કરી
ઉડયા પાને પંખીબી સનસાર કરી
પ્રભાત તુંજ સવારી ઉગામમાં ધરી—પુજ્ય.
હલાવી મચાવી કીધો શોર સાર
ખુલ્યા છે સનમાન થકી ઘરને બાર
કમર તંગ કસી મંડયા સંગાર પર.
ફરી તુંજ સ્વારી, જોકે પળવાર ભર—પુજય.
જનમ હો મરણ હો—યા કાંઇક ઘર લગન.
અગર હો ગમી—યા ભલે હો સગન.
વધાઈ હો લડાઇ હો—કાઇક ઘર પાસ.
પ્રભાત ત્હારી આમદની-રાહ જોશે ખાસ-પુજય.

પુર ભાવથી પુંજાતી, ઓ સુગનવંત બામદાદ, તુ આઠ-પોહોર, યાને ચોવીસ કલાકો પુરા કરી, સફેત બરફ જેવા પોષાકમાં પાછી ફરી છે તુને મારા નમન.

ઝાકળથી પાંદડે પાંદડાં ભીનાઈ, સાફ થઈ તહારી રાહા જોતા, જાણે સર નમાવી ઉભાં છે, અને આનંદ લહેરીમાં તહારી આમદની ખુશાલીમાં ડાંખળીઓ આમતેમ ઝુલે છે. તહારી ઉગમણુથી શરૂ થતી સ્વારી, પધરામણી જોવા, પંખીઓ પણ પોતાની નિંદથી ફારેગ થઈ, પાંખ ફફડાવી, સણુસાર કરી રહયા છે, "પ્રભાત" તુને મારા નમન પ્રણામ. સઘળાં ઘરબાર તુને વધાવવા, ખુલ્યા છે, ચોક ચંદન ફરી વળ્યા છે, પાછા આખ્ખા દીવસની જહેમત કરવા, તહારી સ્વારી સાથ આગળ જવા, જાણે કમ્મર બાંધી તૈયાર થઇ રહયા છે. પ્રભાત, તને નમન તહારી આમદ વખ્તે ભલે કોઈને ત્યાં જન્મની દોડાદોડી, યા કોઇ ઘરે શોકનાક તૈયારી, કોઇ ઘરમાં લગન, કોઈ ઘરમાં વિઘ્ન, ગમે તેમ હો, પણ તહારી પધ-રામણી વખ્તે રાહા જોતા રહયા છે. પછી ભલે વધાઈની પધરામણ હોય, યા લડાઇનો સંગ્રામ હોય.

"સ્વસ્થ મન ભરૂ હું મારા હરિમાં".

જીલ્લો ઝીંઝોટી.

મન–તન–ધન, હર નિવેદન કર.
તુજની હમ પર–રહેમ નજરની–
પાર અપાર સીમાજ નહિ.
હરિ હરિ, કરી કરી,–
સ્વસ્થ કરૂ—મન, ૧.
નિર્મુળ ભ્રમણા–સ્થંભ રચાયા.
જગ સમ, ચિત્ત ભમ, જગે જગ જી ૨.
હરદમ, ભરીદમ, પળ પળ ગણુ ગણુ.
હરિ–સંચેતન–મન માહી સોચન ૩.
ઇષ—મિત—ચિત્ત—પ્રિત.
હૈડું હરખાય—મળમળ થાયે—(મન, તન,) ૪.

૧. મ્હારૂ મન, તન, અને સઘળુ સ્વૅસ્વ, હું તુજને ઓ "દાવર" અર્પણ કરૂં છું—ઓ કીરતાર! ત્હારી મારી ઉપરની તરેહ તરેહની નવાજેશની, કાઇ કીનારી નજર પડતી નથી. અને જયાં સુધી હું તુંજની યાદ સાચવું છું તે વેળા માહારૂં મન બીલકુલ નચીંત રહે છે.

૨. આ જગતની અંદર નિર્મુળ ભ્રમણા—યાને લાલચ આપનારી ઇંદ્રીઓને, પંપાળવાની જાલ રૂપી ગુથણ થઇ રહી છે—જેથી ચીત્ત તેમાં ચકચુર રહેવાથી શુદ્ધ બુદ્ધ ઉલટી થઇ જાય છે.

૩. પણ હરદમ, તુજનો દમ ભરવાથી, યાને તુને ખુશી પેદા થાય, એવા હમારા વીચાર, વમાસણ કરી રહયાથી, અને પળે પળ, તુજની ગણત્રી કરવાથી, જાણે તુંજ જેમ પ્રભુ પરમાત્મા છે, તેમ તુંમાજ મીત્ર પણ સમજીએ છીએ. તુંજમાજ ભાન રોકયે છીએ.

૪. ત્હારી યાદીમાં વહાલ સમજીએ છીએ, ત્યારે હૈડું હરખાઇ સુખના ઉછાળા મારતું, જાણે આનંદમાં મળકાઇ મળકાઇ જાય છે, માટે ઓ પ્રભુ પિતા, મારૂં સઘળુ તુંને સ્વાધીન કરી યાને તુજને રાજી રાખવાના કાર્ય કરી રહું, એવી ઉમેદ અને દુવા ચાહી તુજની પ્રાર્થના કરૂં.

" તાલીમની તફસીલ."

ધાની.

સર્જનહાર ! ઓ તારનહાર ! તાહારી ગુલશનોની
ખુશબો હરબાર.

રહેમી કીરતાર—સત્યના દવાર—
૧. તાહારી મહીમાઓની હારો પેહાર—સર્જનહાર.

ભારી ભવ્યનો ભ્રમી ભરથાર.
૨. પલક પલક ઝલકદાર.

નીસાર નીસાર આ દેહ સદવાર.
૩. ઓ કરીમ ! ઓ રહીમ !

ન્યારો ન્યારો તારો સદગુણ શૃંગાર.
૪. શૃંગાર શૃંગાર અપાર—સર્જન.

૧. ઓ સરજનાર બાપ, ઓ પાળીને પોષણુ કરનાર પિતા? તારા જગતના ખુશનુમા બાગમાં અપરમપાર રચનાઓ ખુબસુરતીથી દરોબસ્ત કરી છે. ઓ "રહેમના રહેમાન" ઓ સત્યના "સ્થંભ" તારી રંગતની "રેલછેળ" રમી રહી છે.

૨. ત્હારા ભેદ અને ભરમ ખરેજ ન સમજ પડે છે, અને તે પણુ વારે વારે અનેક ફેરફારની ચમક આપે છે. ત્હારી ઉપર આ ત્હારાજ આપેલો શરીરને એક વાર દશ વાર બલકે દશ લાખ વાર કુરબાન! ઓ પિતા! તે ત્હારાજ છે અને "તનેજ" અર્પિયે છીએ.

૩. તારા શૃંગારના પડે પડે તેની જડે જડથી સૌંદર્ય ચિતાર બહોળા વિસ્તારમાં આપી રહયો છે. હા! આવી અપાર ગતિની તફસીલ એક તનખલા સમાનનું આ જંતુ "મનુષ્ય" કેમ વર્ણુવી શકે! કીર્તિ કેમ ગાઇ શકે! તોએ પણુ ઓ દાદગર સાહેબ મ્હારી તાકાત અને તરબયતમાં જેટલું છે, તે ત્હારી હાજર નાજર ધરી તને યાદ કરૂં છું. નમન કરૂં છું.

૪. ત્હારી સીફતમાં શાન્તિ પામું છું. તારો શૃંગાર, પાર વીનાનો, તથા હરેક રંગ, અને ભાત દેખાડનારો છે, જેનું વર્ણુન કરવું ખરેજ ઇનસાન માત્રથી ઘણુંજ ખીકટ છે. તારી ગતિ પિછાણુવી કેવળ અહેમકાઇ છે. દાવર! તારી હદ પાર વીનાની તારી કરામત, કારસાજીને પોહોંચવાનો ખ્યાલ કુરઅંદેશીથી દુર, દુર છે.

"માબાપની હાય—કદી ના જાયે."

કેદારો.

ન લેજો—કદી હાય—માબાપની !
ન મીટસે નિશાન તેમના શ્રાપની !—ન લેજો.

ભિતરમાં દખલ થઇ—જીગરને ચીરસે.
ન મળશે—કસી ભાલ તે કાપની—ન લેજો.

બળતાના બળથી–તે બળતી બળે.
ન બુજશે અગાન તે સીહાં કાપની—ન લેજો.

ન "સુલ" ની શરૂઆતની ભાલ થશે.
નહિ મળશે માપ–તે બુરાં તાપની—ન લેજો.

જવાળાની અગ્નિ તો લાગે પલકભર.
પણ ચાલુ "જલન"–એ સીહાં પાપની—ન લેજો.

માબાપની હાય, યાને કડુવા કદી લેતા ના; તેઓ શ્રાપ દેશે, તેમાં તમારૂં સારૂ થશેજ નહી. અનેક તરેહેથી એવા ફટકા આવશે, અનેક રીતે એવા હેરાન થશો, કે બોલવાની મણા નહિ. છુપી રીતે એવો બદલો મળશે, કે તમો અજબ થશો, કે આટલી ગણુત્રીથી કામ લેતાં, તે સીતમ કેમ આવ્યો? માટે માબાપને કદી અસંતોશ ના આપતા. તેઓને કાહેલી ના કરતા. તમારૂ પડતું નાખી તેઓનું જતન કરજો—આશીષ લેજો? અગર એક જવાળાનો રસ, તમારી સામે જો, રેલાતો આવે, તો એક પળ, યા પળકવારમાં તમારી અગ્નિ, યાને પ્રાણુ બુજાશે, પણુ તમારા માતપિતાને દીધેલા દુઃખનો દંખ, તમોને ટવલાવી ટવલાવી, રીબાવી મારશે—માબાપ, કે તારે માટે જેવોએ અથાગ મહેનત લઇ, બાળ્ય અવસ્થામાં જેહેમત ખેંચી—પાળી પોશી, મોટો કીધો, તેઓના બીજ બીજ, આભાર અર્થે તુંએ રાત દિવસ, તેઓની બરદાસ કરવી જોઇએ. નહિકે, તેને બદલે, તેઓને બુઢાપણુામાં તરછોડી—એકલપેટે તારૂં પોતાનુંજ સુખ જોવું જોઇએ? સંતોની પણુ શીખામણુ એજછે, કે જેવો માબાપને નમશે, તેઓની સેવા કરશે, તેઓ સુખ સંતોષમાં રહેશે—જેવો માબાપને સતાવશે, તેઓના સુખનો સુર્ય જલદી આથમશે.

" જ્ઞાનનો ગુણાકાર "

માંડ.

જ્ઞાને ગુજારો, ભવ તમારો—જીવ ગુણે ભરો.
" મહારાજ " ના સ્તુતિ સ્થાને—
નિત્ય તમ ફરો—જ્ઞાને ગુજારો ૧.

મીઠો મસ—રસ કસ ભર્યો—ખ્યાલો એ ખરો.
પળ પળ દરો—" હર " દમ ભરો—રંગીલો રંગ રચો,
રંગ રચાવી—" નાથનો "—નાદ મંદિરે ભરો—
" મહારાજ " ના સ્તુતિ સ્થાને—
નિત્ય તમ ફરો—જ્ઞાને ગુજારો ૨.

વિશાળ કુંડ—ન અવનિમાં—જ્ઞાન જેવુ જાણ.
ધન માલ—લુટાઇ રહે—પણ રહેશે જ્ઞાન નીદાન.
ચેતી ચોંકી—લે મનુવા—હરનો ડર ખરો—
" મહારાજ " ના સ્તુતિ સ્થાને—
નિત્ય તમ ફરો—જ્ઞાને ગુજારો ૩.

હરદમ અભ્યાસ કરો, સરસ્વતિનાં દર્શન ધરો; કારણ કે જેમ જેમ ભણશો, તેમ તેમ બુદ્ધિ ખીલશે, અને ધર્મસ્થાનમાં જવાનુ મન થશે—અને કિરતનના સ્થળમાં, પ્રાર્થના કરવાનું ભાન તેજ થશે.

૨. ભણતરના પ્યાલામાં કેવો અમૃત સમાયલો છે! માટે હમેશા તે પ્યાલો ભરી ભરી, પી લેવો, અને જ્ઞાન સંપાદન કરી, ગુણવંતાં કામ કરી, તે ગુણના ઘંટો વજાડી બીજાને જગાડી જાગૃત રાખો? આ મહાન જગતમાં "સત્ય,—જ્ઞાન" સિવાય, બીજું મોટું કાંઇ નથી. કદી તમારી પાસનો માલ મતા, ચોરાઇ લુટાઇ જશે, પણ તમારૂ જ્ઞાન કાંઇ જવાનું નથી—કોઇથી લુટાવાનુ નથી—તે તમારૂંજ પોતાનું છે; તમારી સાથેજ રહેશે—માટે સંભાળથી જ્ઞાનનો ભંડાર ભરી લ્યો, કે સુખમાં સીધાં અને સાફ રાખવાને, અને દુઃખમાં ધીરજ અને હિમત આપવાને, તે પળે પળ કામ આવે, અને આપણને જ્ઞાનના ચેરાગથી હરદમ રોશની મળે, જેથી રોશન આબાદ રહીએ.

" વિચાર તું કાળનો ઘર ! "

કાફી હોરી.

કાળનો સોચ વિચાર—મનવા—
૧. ભાગ્ય પ્રતાપે ભલે તું ફરહર—કાળનો.

સુખ સંપતમાં ડોલે તું આજે-
કાલેબી મલકાયે.
તોએ " પરમ " તણું-સખી
૨. ભાણુ ધરી લે—કાળનો

જગ રગ—જગ—ઠગથી—ઠગી પગ તાહારો—
થારો રહી ઝંઝટથી—
માયા તણું—મહા કુંડળ ઠાલી—
ખાલી ઉઠાવે શા કાજે
૩. કદિ તુજ કામ—ન—આવે—કાળનો.

૧. ઓ માનવ ! ચાલુ તેમજ આવતા વખતનો વિચાર કર ! કદાપિ આસપાસના—સુભાગ્ય સંજોગોથી તું એશઆરામથી રેહેતો હોય, તોએ પણ, આવતા પ્રસંગ માટે, યોગ્ય વિચાર કર.

૨. મનોહર મીઠી મોહિનીના—મોહમાં ભલે તું રેલ છેલ કરતો હોય, અને એ પ્રમાણે કદાપિ ત્હારો વખત ચાલુજ રહે, તો પણ 'પરમ' યાને પરમ દિવસનુ—યાતો "પરમાતમાંનુ"—યાતો પારકાઓ માટે પણ કાંઇ વિચાર રાખ !

૩. આ નાપાયેદાર ધરતી ઉપરના, અનેક ઢગલા, યાને વિટંબણાનો આગમજથી ડર આ ! તેથી ઉપજતી રંજ અને જંજાળથી ચેતિને ચાલ ! આ દુનિયાની માયાની લેહજતદાર, પણ તકલીદી ચક્રની ચાલમાં, શા માટે તું ખેંચાય છે, અથડાય છે ? અગર તું એમ સમજતો હોય, કે તે તુંને કદિ કામના છે, તો તેમાં તું ભુલે છે, અને સેવટમાં તું પસતાશે ! ચાલતા સમયમા લોભાઇ નહિ જતાં, હવે પછીના આવતા કદાપિ સખત વખત માટે ચેતિને ચાલશે, તો ઠીકજ છે. ત્હારા પોતાના, ધીકતા વખતમાં, મોજના રેલાથી, એખલો મલકાઈ ન જતાં, પારકાઓ માટે દીલસોજ બન, અને બને તેટલી સંસારી મોજ, યાને મોહિનીમાં લીન ન યતાં તેનાથી દુર રહેવામાંજ મોજ જાણી લે ! ભલે ભંગુર સુખ તને પહેલાં, અંગુર, યાને દ્રાક્ષજેવુ, લેહેજતદાર લાગશે, પણ તે મીઠાશ થોડાજ વારમાં ખાટો, તેમજ ફીકો બનશે—માટે એ સઘળાનો વિચાર આગમજથી તું કરી લે, અને પરમેશ્વરની યાદમાં લોક ભલામાં, અને પાક જીંદગીમાં, તારા કાળનો સદઉપયોગ કરી લે !

" તારીફે ખોદાયા "

કલ્યાણ.

પાક પરવરદેગાર તુંને—નમન હું કરૂં.
નમન કરૂ—જતન ભરૂ–મગાન મને ફરૂં–પાક
પરવરદેગાર.

હમો આભારી—રહી દીન રાતે—
સઉ સુખ સાથે—રૂડી વાતે.
તુંજ સરદારી—રહી જગ સારી–
તુંજ કિરતારી—ચલગત ન્યારી.
દાનવ ખરે—ખરો–દાનવ ખરે–ખરો—
દુઃખી દર્દીની આફતો–ટાલીને જયાફતો–
આપી ખરે.

જળચર " તુંજથી " જીવન ધરે—
કંકર કણી પણ તુંજથી ઠરે
જ્ઞાન શાનનો દાતા તું—
હરદમ અમને ઉગારે—
નમન કરૂ—જતન ભરૂ–મગાન મને ફરૂં–પાક
પરવરદેગાર.

ઓ પાક યજદાં-તાહારી આગળ, સર ઝુંકાવી, સેતાએશ કરૂ છુ઼ં-અને જતન લઇ ત્હારાથી-હુ રાજી રાજી ફરૂં છુ઼ં—

અમો સઘળા-રાતદિન, તુંજ તરફ ભલા સુખ માટે, સુંદર સાથ માટે, આભારી રહયા છીયે—અને કુલ જેહાન ઉપર તુજની સરદારી સ્વિકારી રહયા છીયે—"જગતમાં જય જયથી જાયેજ થઇ રહેલી, તારી રચનાની ચલિત ચાલથી, અમો તાસુખી પામી, નવાઇથી સઘણુ નિહાળી રહ્યા છીયે." તારી દાનાઇનો કશો પણ પાર, જોવામાં આવ્યો નથી-અને કશો માલમ થશેજી નહિ-એવી તે મહત્વતાથી ભરપૂર રહી છે-દુઃખીઓની વિપતી ટાળીને, તેઓને ન્યામતથી, નવાજેશ થઇ રહી છે-નાનામાં નાના જીવ જંતુથી-મસ મોટા ગજ-હાથી સમાન-જીવો તુજથી સજ થઇ સ્વાસ ભરતા રહયા છે—તથા બારીકમા બારીક કંકર, માત્રમાં પણ તુંજથી હોશ સમાવેશ થયેલી છે. આ સર્વે કરામતો, ન્યામતો માટે, ઓ ખુદા, તારી જેટલી સેતાએશ અને સેવા કરીયે, તેટલી થોડી છે.

"ભજી લે ભગવતને ?"

પીલુ.

ભજી લ્યો રે ભગવાન.
દો દીનકે, આપ બદે મહેમાન—ભજી ૧.

મીસલે શબનમ—જાન હુએ તુંમારી.
પુરા ન કુચ્છ અરમાન—
દો દીનકે, આપ બદે મહેમાન—ભજી ૨.

ખાકકા પુતલા—કીચ પડા હુએ.
રહેગા ન કુચ્છભી દમામ—
દો દીનકે, આપ બદે મહેમાન—ભજી ૩.

દુનીઆમે કોઇ સંગી–ન–સાથી.
નાહક કયું—એ ગુમાન—
દો દીનકે, આપ બદે મહેમાન—ભજી ૪.

માલ મલાલકા—કયું કર્જ ઉઠાએ.
રખ લે યાદ "રહેમાન"—
દો દીનકે, આપ બદે મહેમાન—ભજી. ૫.

૧. પૃથવીનો પરોણો, તું માત્ર બે દિવસનો થોડો વખત હોવાથી, તું ભક્તિમાં વખત રોક ?

૨. જેમ સાબુના ફીણ કરી-એક પોંગળ સલીઆમાંથી ફુંક મારી, છોકરાઓ ફીણ ઉડાવે છે, અને તે માહેથી પરપોટા નીકળે છે, અને ફુટી જાય છે, તેમજ આપણી જીંદગી છે, તેથી એક દીન પરપોટા માફક ફુટી જશે, અને મનમાની હોંશ કાંઈ પૂરી નહિ થાય, માટે "ભગવતને" ભજી લે ?

૩. ખાકનું બનેલુ શરિર, જગતની માયાના કાદવમાં પડેલું છે—અને તેનો દમામ કાંઇ ઝાઝોવાર રહેવાનો નથી, માટે ભગવતને ભજી લે ? કોઇ તારો સંગત વધુ વાર કરવાનો નથી. અને કોઇ તારો મિત્ર, રહેવાનો નથી. બદનની ખુબસુરતી જરાખી લઠડમાં આવી, કે તુને જોઇને દુર ન્હાસી જશે—પછી ફોકટ અભિમાન ના રાખ, અને તેટલા માટે ભગવતને ભજી લે ?

૪. માલ મીલકત જમાવી માથે જગતનુ કરજ શું કામ ઉપાડે છે ? મરતી વેળાએ સઘળું તુંને હયાંજ મેલી જવાનું છે. માટે તે સંગ્રહ કરવા ફાંફાં ના માર, અને "કીરતાર"ની યાદ મનમાં ભરી રાખ, જેથી આખેરમાં ચોખ્ખુ સુખ મળે—તેટલા તું ભગવતને ભજી લે !

" ધર્મનો મર્મ. "

જીલ્લો અસાવરી.

કહો ધર્મ શાને ! શા માટે તે ઠર્યો.
અચળ સુખ ઇનસાનને દેવામાં ચર્યો—કહો

ઘડીને પળે પળ અરે ! દુઃખી કાજે.
૧. સહાયતા મંડળે હીતાર્થે ઝાલ્યો—કહો

પરીવાર પરીશ્રમ સેવટ નિશાણી.
સચાઇની ઢાલ તણી હીમ્મતે ભર્યો—કહો

કમર તંગ કસીરે—દલીદ્રતા દફન થાવો—
૨. દિલસોજ સેવાની ઉર્મીમા ધર્યો—કહો

મદદ રે મદદ મા રહો હમ શરીકો—
૩. શુરાકૃતનો રૂડો તરીકો તે પર્યો—કહો

કુલીન દાન દેવામા મોટાઇ ધરેછે.
કમના ભોગે પુરો પલ્લો સર્યો—કહો.

બડાઇની તુંભાહ શું ! મીન્નતમાં મજાહ છે.
૪. કલામ "રાસ્ત અહુરે"—અશોઇમાંજ વર્યો—કહો

૧. ભલે જાઓ મંદિરે, મસિદે અને દેવળે—ભલે જાવો દરિયે અને આતશકદેહે, પણ દિલ વિનાની બંદગી અને સેવા વિનાની જીંદગી, અંતે લેખાય અધર્મી ધર્મનો અર્થ જો બરાબર કર્યે, તથા—તે શા માટે છે, તે જો વિચારીએ તો એજ અર્થ મળે, કે સઘળા ઇનસાનોએ પરસપર સુખ આપવું—તમો જોશો તો સાહયકારી મંડળો પણ પોતાની બનતી જતનથી. દુઃખીને દીલાસો આપવાની જહેમત લઇ હીતથી ધર્મ ફરજ અદા કરે છે.

૨. ધરમનું સેવટનું ફરમાન એ છે કે આદમીએ પોતે દુઃખ વેઠી સચ્ચાઇથી સજજ થઇ, હીમ્મતથી બીજાને મદદગાર થવું, અને કમર કશી દુઃખ અને દલીદ્રતાને દુર કરી દીલસોજ સેવા બજાવવા તતપર રહેવું.

૩. અને એ સઘળામાં મદદ કરવા કોમીઓ સામેલ થાવો—એ સામેલગીરીમાંજ તમો એક બહાદુર કામ કરોછો અને સારૂં કાર્ય કરતાં એક સારો રેવાજ પડશે, એમ નકી જાણજો.

૪. ખરો પૈસાદાર તેજ, કે જે ધરમ દાન કરવામાં મોટાઇ માને છે. નહી કે "માન પાન" શોધવામાં ! અને જેઓ મતલબ રહીત કામ કરશે, તેઓને શીર ભલાઇનો "ચાંલ્લોજ" પ્રકાશશે. આપ બડાઇ કરી વડાઇ લેવા કરતાં, નરમાશની નમનતાઇમાં કેવી મોજ મેળવાય છે, તે તો જેઓ તે ઉપર અમલ કરે છે, તેઓજ જાણે છે; અને પાક પરવર દેગારનો, સાચો કલામજ, પાકીજેહ કામ કરવામાંજ સમાયો છે, માટે ઓ ભલા માણુસ ! બની શકે એટલા સુધી ત્હારી ધરમની ફરજ બીજાના સુખને માટે,— બીજાને મદદગાર બની નરમ અને સ્વચ્છ મનથી, સેવા કરી બીજાને મગન રાખ—જેથી તું શું ફાયદો હાંસલ કરે છે, તે ત્હારી મેળેજ જાણશે.

" સુખિયારો સમય."

ઝીંઝોટી જીલ્લો.

બહેની આવો ! આવો ! ચાલો સાથે ગાવો
સમીસાંજનો સુંદરીયો સાજ—
થયો સખી સાંજનો સુંદરીઓ સાજ—
પહેલા પ્રભુતણી લીએ યાદ—
૧. સમી સાંજનો સુંદરીઓ સાજ—બેહેની.

ગગન મગનપર તારા ચમકીયા,—
કાળા સુરમામાં ડોળા દિપકયા,
દિવસ ભરાયો ખુશી સાથે લાયો—
૨. સમી સાંજનો સુંદરીઓ સાજ—બેહેની.

ભુખ્યાને આનંદી પ્રસાદ જમાડી—
રમાડી રીઝાવી કર હાલ
દાલ ભાતે, હાથે જાતે,
૩. હર્ષ આયા કેવા વાતે વાત—બહેની.

ઉદ્યોગમાં આનંદી દિવસ ગુજારી—
થઇ ચાંદાની રળીઆમણી રાત
બહેની મ્હારી ચિંતા ટાળી—
૪. સુખી સુખીયારી ગુજરીએ રાત—બહેની.

સાધારણ મતલબ આજ છે, કે સખીઓ સાથે મળી, સાંજના સમયમાં ગીત ગાઇ પ્રભુની યાદ માંગે છે. સાંજનો વખત હોવાથી આકાશપર તારા પ્રગટી નીકલ્યા છે. "જાણે સોડમાથી આંજેલી આંખમાં ડોળા કેવા દિપતા લાગે છે," તેમ તારા ગગનના કાળાશપર ચમકી રહયા, અને મન મગન કરવા ગીતડાં ગાવા સૌ સૌને બોલાવે છે ભુખ્યાંઓને અને ઘરના વડીલ ભાઈ બહેનોને જમણ પીરસી, હાથે જાતે ખાઈ ખવાડી રહેવાની હોશ હોશથી હસે છે. ઉધ્યોગમાં દીવસ ગુજાર્યો છે; તેની મોજ, અને સાંજની રળીયામણી રચનાની મોજ જુદી જુદી રીતે ઉમંગમાં ગરકાવ કરી રહી છે, અને પરસપર સખીઓ રાત્રીની શાન્તિમાં, તથા મધુર રસ યાને નિંદ્રામાં ગુજારશે, તેની ખુશાલીમાં ખીલી રહી છે. "વધુ ને ઉંડી સમજ" આપની સખીઓ તે આપની ઇંદ્રીઓ "હાથ પગ નાખ કાન" ઇત્યાદી તેઓને "મન" વમાસણ કરે છે. "સમી સાંજનો સાજ" તે વૃદ્ધ સ્થીતિ છે; અને વૃદ્ધ અવસ્થા પોતાના નાનપણના કરેલાશુભકારી કામથી સંતોષ થઈ, ગગનપર જેમ તારા કાળાશમાં ચમકી રહયા છે, તેમ શુદ્ધ જીંદગી ગુજારેલા રૂડો ખ્યાલ ગગનમાં ગેલ કરે છે, અને "દીવસ ભરાયો" યાને જીંદગી ખતમ થઈ, એવા વિચારથી ખુશી થાય છે. ભુખ્યાંને જમાડવાની વાત તે "જીંદગીના ઉછણુ" વખતમાં કીધેલી "મદદ અને દયા દાન" નો પોકાર છે. જે સઘળું, જાતે કીધેલું હોવાથી "હર્ષ નાદ" થાય છે. "દિવસનો વખત તે જુવાનીનો સમો દેખાડી તે સમામાં કીધેલાં રૂડાં કામની યાદ ધાઈ આવે છે. જેથી મગન થઇ બહેની મ્હારી તે કોઇજ નહિ, પણ સઘળી ઇંદ્રીવાસનાની પુતલીઓથી બજાવી લીધેલા શુભ કામની યાદી, ચિંતારહીત કરતી નિશાનીઓ છે, માટે "સુખી સુખીઆરી રાત્રી" યાને છેલ્લી ઘડી, નીરાશીમાં નહિ, પણ ભારે ખુશાલીમાં ખતમ કરવાનો સમય આવવાથી જીવ ખુશ થઇ રહયો છે.

"માતા તું જગની દાતા"

કલ્યાણ.

બળી આ જીંદગી "મા" વિનાની
તે વણ છું દુઃખીઆરી રે,
બચ્ચા જુવો—માળામાં પાડે—"માં" વિના
ચિંચિંઆરીરે—બળી ૧.

ભુખે પેટે—તુટે વસ્ત્ર સુવે
"મા"—હોય જેને પ્યારી રે
માતા—જેવો મીઠો મેવો—જેથી મળે સુખ
ભારીરે—બળી ૨.

ગમના ગારમાં—ભયના ભારમાં
જલુ એવી દુઃખીઆરી રે—
સાંભળો સુજન્જન ચેતિ લેઓ—'મા' વિના
દુઃખ કારીરે—બળી ૩.

શોભા ઘરની "માના ખોલે"—
મા—વિના જગ ખાલી રે.
મોભ ઘરનો, મા વન ડોળે—કાપ કાળજે
કારીરે—બળી ૪.

માત—માટે પરિતાપ કરો—તમ
અમૃત સમ તે લાગે રે.
માત—વગર રહે ભુંડુ ભાગ્ય—જીંદગી ધુળ
અકારી રે—બળી ૫.

૧ માતાનો મધુર આસરો જેવાએ ખોહયો, તેવાની જીંદગી કેવી દુઃખી છે, ઝાડ ઉપર માતા વગરની ચિચીઆરીના અવાજથી કોણ અંજાણ છે— ?

૨ માતાની પડોશમાં, ઘણીક વેળા ભુખ્યાં બાળકો પણ ઉંઘાઇ જાયે છે–તુટાં વસ્ત્રનુ શરીર, જાણે માતાના મીઠાશથી ઢંકાય છે.

૩ માતા વગરનુ હ્રદયનું જલતર, કેમ કરી ખમી શકાય એવુ નથી, અને માતાનું છત્ર ખોહી દેનારને બસ ગમના ગારમાંજ સપડાયલા જાણ !

૪ જેમ મોભ વિના ઘર ટકી શકે નહિ, તેમ માતા વિના બાળકનું સૂખજ ગયું–માતાના ખોળામા ગેલ કરતા ભુલકાંઓની ખુશાલીનો નાદ જોવો હોય, તો એકાદા નાના કુટમ્બ તરફ નેગાહ કરો !

૫ માતાને માટે વેઠ ઉઠાવશો, તો કદિ થાક ચઢશે નહિ. અને તેનુ ફળ મીઠાશમાંજ મળશે–જ્યાં માતા નથી, ત્યા ભાગ્ય ફુટયુંજ, અને જીંદગી ધુળમાં સમજવી.

" તરસીયાંને કાં તરસાવો છો, પ્રાણનાથ!"

જીલ્લો માંડ.

શાને છીપાયા રહયા—વ્હાલડા થારા !
તરસી ઉભીછું—માહરા કાહાનુંડા—શાને ૧.

ગાગરને શિરથી કાઢી, ઝાંઝરને મેલી છાની;
કપાળે ચાંલ્લો કંકુનો કીધો—મારા વ્હાલડાં—તરસી ૨.

સાગરના નીર પીંધા—ભુવનના દર્શ દીધાં.
ચર્શને ચીરી ચીર—કીધા માહરા વ્હાલડાં—તરસી ૩.

નેત્રોમા નીરખી લીધા—ચિતમાં ચીની લીધા.
હૃદય રસ પીધા લીધા, પ્રેમડા—થારા—તરસી. ૪.

હાથોમા "મોતી માળા"—બારણા ફુલડે છાયાં.
વાતને કાગ ડોળે જોશું—માહરા વ્હાલડાં—તરસી ૫.

૧ ઓ દેવતા! હું રાત દિવસ ત્હારા દર્શન વગર ટળવળતી રહું છું. હવે હજી શા માટે વધુ તું, છુપાઇ રહે છે?

૨ શિરપરની ગાગર—જે માથા ઉપર દુન્યાનુ દુઃખ ભોગવવાની લક્ષણરૂપ નિશાન, તે ગાગરને મેં હવે બાજુ મેલી છે. અને દરેક જાતની આભુષણરૂપની, મોહ જાળ જે મેછોડી દીધી છે, તે સઘળું તજી દઇ મારા કપાળ ઉપર કંકુને સુગનવંતો તીલો કર્યો છે, યાને હું તારી ભક્તિમાં મશગુલ છું—તેને તારાં દર્શન દેખાડ?

૩ ગામે ગામના, કહો કે સંજોગના, કહો કે જન્મો જન્મના, મેં અનુભવ ચાખ્યા છે. જેટલાબી ચરશ, યા ખરાબ લક્ષણ હતાં, તે સઘળાનો ત્યાગ કર્યો છે, અને હવે 'તુજને' મળવાની રાહ જોઉં છું.

૪ મારા તન, મનમાં, મેં ત્હારી જગ્યા, પાથરી છે, અને મારા દરેક સ્નાયુના, દરેક શુક્ષ્મમનુમાં, "તુજની" રોહ વરસાવી છે, અને ફકત તારા દર્શન માટેજ હવે બેઠી છું.

૫ મોતી જેવી બેકીમતી 'જપની દાણાની માળા,' મેં પકડી છે મારા વિચાર શુદ્ધ કીધા છે. અને તુને મળવાની આશમા હું પડી છું માટે તારા દર્શન આપ! ઓ પ્રભુ તુ મને હવે દ્રષ્ટ થા!

" પરમાત્માનો પલ્લો પહેરી લે ! "

જીલ્લો–ઝીંઝોટી લાવણી.

ધરી લે પ્રાણ પતિનો ભાવ–કરીને સતપણનો છંણકાવ,
કુકર્મી તરસે નહિ તુંજ નાવ—
રહે શિર જગત તણો અભાવ—ધરી લે 　　　૧.

મકાઈ તણી વાવણ કરી–ના મોતી મેળવાય ;
ધાબું કાળુ કુભાવનું–ના જમના જળથી ધોવાય–ધરી લે ૨.

વાણી મીઠા મધ સમાન—શોભાવે વિરૂપ.
શુરનાઇમા આડી સુળી–કેમ પેં પુરડી ફુંકાય–ધરી લે ૩.

ગગાન પસરીઆ આભલા—ગુંઠણ કાળી હાર
કબુદ બની તે કામળી—જે સુર્યથી વળખાય–ધરી લે ૪.

રે માનવ ત્યારે માન તું–"પરવરનુ" પ્રબળ—
પ્રવેશ કર પ્રકાશમા–કે જીંદગી થાય સફળ–ધરી લે 　૫.

૧ સત્યની સાચી શીખમાં તારા મનને રોકી–પરમાત માને રાજી રાખતાં, રૂડા ભાવમાં મશગુલ થા! દુરાચરણને તજ, નાહતો તારો ભવ ફોકટ જશે, અને તારા ઉપર જગતનો ફીટકાર પડશે.

૨ જેવું તું રોપશે, તેવુંજ ફળ તને મળશે, એ તો અચુકજ છે, પછી મકાઇના બીજની વાવણી કરી, કદિ મોતી મેળવવાની હોંશ પુરી પડશે કે?

૩ ના! જ્યાં સુધી તારી મત અને રીતિ સુધારશે નહિ, ત્યાં સુધી પરમાત્માનું ભાન તને થશે નહિ. કીધેલા સંખ્યા બંધ રૂડા કામોમાં, એક પણ ખોટાં કામનો બુરો છાપ, ઘણાક ફાંફાં મારવાં છતાં પણ ભુસાઇ જવો મુશકેલ છે.

૪ ત્હારો ચેહેરો યા શરીર, ગમે એવો કદરૂપો હશે, પણ ત્હારા મુખથી નીકળતા શબ્દો, માયાવંતા, ગુણવંતા, તથા પ્રેમવંતા નીકલતાંજ ત્હારા શરીરની ખામી ઢંકાઇ જશે. સાચો ખુબસુરતીનો પહલો તું મેળવશે.

૫ એક ગમે એવી, મધુર સરોદ આપતી, વાંસળી, તેમા પડેલી એકાદ નાની કામથીન લીધે મધ રસ ખોઈ દે છે. ગમે એવી મધુર મૂર્તિ, પોતાના કુવચનથી, પોતાની ખુબસુરતીને એબ લગાડે છે. આકાશ ઉપર વધ્યા જતાં વાદળાં મોટા વિસતારમાં ફેલાઇ જશે–અને જેમ વધારે ફેલાવો પામશે, તેમ આકાશ વધુ કાળાશ પકડશે–પણ જ્યારે તેજસ્વિ સૂર્યનો પ્રકાશ થયો, કે જ્યાં ઘનઘોર હતું, તે સઘળું હલવે હલવે બદલાઇ જઇ, ઉજાશમાં ફેરવાઈ જશે. માટે મારા મિત્ર, મારા "પિતાના" ઉત્તમ નિયમ પ્રમાણે ચાલ! ગમે એવુ તારી ઉપર કષ્ટ આવી પડે, પણ સદ્-ગુણના રસ ઉપર ગુજારો કર, કે આખેર તું નેકી મેળવે અને તારી આસપાસનાઓને પણ રોશન કરી શકે.

" સપુત્રી–અને કપુત્રી "

કલ્યાણ લાવની.

ભલી વનિતા ખરે ભુવનમાં સતવંતો સીંગાર બની
ભુંડી ભાખમાં ભમાઇ રહીતો–કુસંપતણો અંગાર
બની—ભલી

રૂડી ભારજા ક્લેસ કપાવી સુખીયારો સંસાર બની
રે કુભારજા–તજીને લજ્જા વિપતણી વંજાર બની–ભલી ૨.

જુવો સપુત્રી–આપી અપેક્ષા, જીવ દેવા તૈયાર બની
છળ કુછંદમાં ડૂબી દુહીતા–કર્કસાને અઇઆર બની-ભલી ૩.

મધુરી મહીલા રાંક સાંખમા ભાવ ભરી ફુળ વાડ બની
રે કદકની લડે વઢકણી–દયાહીણ દુઃખકાર બની–ભલી ૪.

ભલે રૂડી યા હોય ભુંડી–પણ સરજતની શમશેર બની
ફુવા ગુજારૂ ભલે જીવોબી–જીંદગી તમ સુખકાર બની ભલી ૫.

૧ સંસારના સમાગમમાં રૂડી સ્ત્રી, જાણુ કે સત્યનો એક સ્થંભ સમાન છે. અગર જો ભુંડી ટેવમાં ભમી રહી, તો સગાં અને સ્નેહીમાં એક અગ્નિ માફક છે, અને અસુખની પજરન કરતી રહેશે.

૨ ભલી બાઇ હમેશ કંકાશને કાપી નાખી સગપણમાં સર્વેને સંપથી રાખી, રહેવાનીજ કોશિશ કરે છે, પણ કુમતિ બાઇ કંઢગી રિતીથી ચાલે છે, જેથી દુઃખ અને દરિદ્રતાનો કાંઇ પાર રહેતો નથી.

૩ કહેનના કાનુનના નયમાનુસર ચાલનાર બાઇ સર્વેને માન આપવાને માટે જીવતોડ મહેનત કરે, જ્યારે બીજી બુરા ખવાસમા ડુબી, રામ રામ બોલાવી તોબાહ પોકરાવે છે, બલકે ત્રાસ આપી રહે છે.

૪ મધુરા ખ્વાસની ગાય જેવી ગરીબ દીકરી, માબાપને રીજવી તેઓ આગળના દરેક કામ હીતથી કરે છે—ઘરમાં વારી વીણી સાફ રાખી રહે છે. જાણે કે ફુળ ફળથી ભરેલી વાડી, કાંટાની વાડ કરતા કેવી જુદીજ હોય, તેવી રીતે સારાં ઘરને સુખદાયક બનાવી દે છે. પણ તાબોડ તોબ છેડાઇ, મોઢે ચઢતી એબલગામણી બાઇ ડાકણી માફક ભુંકતી ફરે છે, અને સર્વેને દુઃખી કરે છે.

૫ પણ જીવ! સબર! જાણી લે, કે તે ગમે એવીબી હોય, પણ ત્હારા કરમનુંજ તે ફળ છે. તેને વેઠી પુરૂ કરવુજ પડશે, પછી ભલે ભુંડી યા ભલી! માટે હું દુવા ચાહુ છું કે "ભણેલી બેદીલ અને બેવફા કરતાં, ઘરના હીતથી હીતાળ અને નિર્દોષ   લી."

શાને કરેછે 'જીવ' બરબાદ.

પીલુ આસાવરી પદ.

ક્યુ તોફાન કર રહે હો—એ તન ફાની કે લીયે
વાયદા ખાલી કર રહે હો—હીર્સ હસીરી કે લીયે—ક્યું ૧.

દાવા સારા ભર ચુકે હો— કરીમ કુરબાની કે લીયે
નીચ નીશોમેં દમ ભરે હો—શબે તારીક કે લીયે —ક્યુ ૨.

જુવાનીભર સોંચ ધરી નહિ—કદ્રદાની કે લીયે
ખાક ઉડાકે રો રહે હો—કતરે પાણી કે લીયે—ક્યુ ૩.

છીન લીયો સબ્રો કરાર—બેનસીબી કે લીયે,
પી નહિ—જામ "દાદેશાની"—જીન્દગાની કે લીયે—ક્યુ ૪.

૧ ઓ જીવ ત્હારા નાશવંત બદન માટે, શા માટે દુન્યામાં રંજ અને બખેડા ઉઠાવી રહયો છે? શા માટે કપટ અને અદેખાઇનો દમ ભરી રહયો છે?

૨ ત્હારા મનમાં તું બીજાને એમ દેખાડવામાં દાવો ઉઠાડી રહયો છે, કે તું કીરતારપર જાન ધરી રહયો છે પણ આખેર બાતેનમાં તું નીચ, અને હલકા હવસની ધુનની જાલમાં લપટાઇ, તારૂ પોતાનું બખ્ત શિહા, કાળુ કરી રહયો છે.

૩ ત્હારા ચાલતા વખતમાં જ્યારે તું બળવાન હતો, "જોરમા તેમજ પૈસામા" તે વેળા કોઇપર મહેર માયા કરી નહિ! પણ જ્યારે તારો વખત બદલાઈ, તારી અવળી દશા આવી, ત્યારે કોઇની પણ રહેમદારીની તલબ કરવામાં શું તું વાજબી છે?

૪ કંગાલ સેવટ લાવીને તેં તારા પોતાના હમેશગીના શુખને "ક્ષણભંગુર મોજ" માટે ખોહયા છે, અને અમર તકનુ સુખ મેળવવાને માટે જે પરવરદેગારનાં ખુશીના કામ કરવાની તક હતી, તે તેં ગુમાવી દીધી છે. આ ફાની દુન્યાના તકલીદી સુખ માટે ત્હારો ભવ બીગાડ ના! અદેખાઈના અંધારા કુવામા હોમાઈ તારા સ્વચ્છ જીવને રંજુર ના કર! જેવું તું ચાહે તેવુજ તું કાઈબી ક્યાસ વગર કરતો રહે. પણ તે ભલુંજ હોવું જોઇએ. ચાલતા રૂડા વખતમાં હમેશ બીજાની ભલાઇમાં વધારો કર જેથી આખેર તુ તેઓથી પણ આસુદગી પામે. ટુંક સમય દેખતાં સુખથી દુર રહે, અને અષોઇ અને શાન્ત માટે પરવરદેગારની યાદમાં સામેલ રહે.

" ભાવિક ભકિત "

કાફી જીલ્લો ઝીંઝોટી.

જપુ નમું ફરૂં પ્રિત હૃદય ધરૂં—હરમાં ચિત્ત સમાવું
પ્રેમ રસ વધી—કસી કસી મતિ જીવની જોત વધાવું—જપુ ૧.

કાચી કાયાએ માયા રહી સાચી—જો રૂડા વચને નીભાવુ
હરખ હર્ષ દીપક દીપક—સતનો સાર સજાવું—જપું ૨.

" માત તાતને બહેની સખીનો " સુંદર સાથ સાંધુ.
ઉરના જોશે જતન કરીને—ફરી ફરીમન વારૂ—જપું ૩.

પુજન ભજન ઉમંગે દઈ લઈ—મુગટ સીર વાળું.
હાર ફુલોના વીણી વણાવી—ઇશ્વરને ચરણે જાઉં—જપું ૪.

ચંગ મુરદંગ જોરે વજાડી—ગુંબજ ઘાંટ ગજાવું.
નૌબત સોબતે કુરનુસ ભારી—નાદ કરીને બજાવું—જપું ૫.

૧ જગદીશને નમીને જપના કરૂ—ચિત્ત અને ચૈતન્ય, તેમા સમાવી રાખુ. તે તરફની માહારી ચાહેનાત વધે, મારા મનને સુધારી મારી જીંદગીની જોત લંબાય.

૨–૩ નાનપણથી વિવેકની શીખામણ મળી હોય તો ભવ પૂરો થતાં સૂધી તેવી ટેવ પડી રહે છે, કારણકે બાળપણમાંજ સારા યા નરસાનો બીજ રોપાઇ જાય છે, જેના ફળો વૃદ્ધાવસ્થામાં મળે છે, અને જે સતવંત નીવડયા હોય, તેના વાવણીના કામ ઘણીજ ચતુરાઇથી થયેલા હોવાજ જોઇએ. નાહનપણથી જો સારી તાલીમ મળી હોય, તો સગપણના સઘળા સાથે સગનવંત સાથ રાખી રહીશ, અને ખરા મનથી તેઓની દાજ હૈડે ધરી પુંજા પાત્રી નિયમસર કરીશ.

૪ સદગુણની ગુથણમાળા જપી સઘળું મારા ગુરૂ આગળ ધરૂ છું, યાને ફુળ અને પાન મંદિરમા દર્શન વખતે ધરવા, એટલે કે ભિતર સાફ ગુણોથી તૈયાર કરી પૂજન ઉપર ધ્યાન દેવુ, તેજ તાજાં ફુળો ચઢાવવા સમાન લેખાય.

૫ જેમ એક વાજીંત્રના મધુરા અવાજ જુદાજ રંગ આપતા હોવાથી, તેઓના સાથે મળેલો જમેલો, કાંઇક નવીન જાતનોજ અવાજ આપે છે. જેમ દેવાલયોમાં તમો સાંભળતા હશો, તેમ મારા હ્રદયનાં ગુંબજમાં "મારી છાતીમાં" અનેક જાતના કામો કરી, એવો નાદ જમાવું, જેનું ગાન તાન મારા માલેકને અને મને આનંદમાં રાખે.

કુલ "જરથોસ્તીઓની"-દરરોજની "માન્યતા"

ભેરવી પદ.

ઓ "દાવર"! ગેબી કીરતાર-
"જરથોસ્તના યાર"
તુંજને ચરણે—નમન કાજ.
નમીને કિરતન કર્યે આજ—
"જરથોસ્તી ફીરકાની"
રાખે તું લાજ—"ઓ દાવર"

તુજના પુત્ર "આતશના કુંદને"
—ચંદન પ્રીતે દઈ—
ઈજત "યજદ" દઈ.
"ખોરશેદ—માહા" ની તારીફ ગાઇ
સાતે "અમષાસપંદો-મિનોને ગેતીની."
જરથોસ્તી ખુબીની સ્તુતિઓ ગાયે
અષોઇ, યશમાં તુ રાખે સદાય—ઓ દાવર.

ઓ ખલકતના પેદા કરનાર પાક પરવરદેગાર "તુ" કે જે અમારા ભલા "સ્પીતમાન અષો જરથુસ્ત્રનો" માહ ગુરૂ છે, તારે મંદિરે આવી તારા ચરણે પડી, તારી ખુબીથી ફીધેલી હમાબક્ષેસો અને બરકતની તારીફ ગાઇએ, અને ઓઝરખ્વાહીથી અર્જ કરી રહીએ કે કુલ પારસી જરથોસ્તી ટોળાંની લાજ "એ પરવર" તું કાયમ રાખજે!

તારા જોરેમંદ અને તેજસ્વી બળથી તપતા—તારા આતશ, કે જે તારી પોતાનીજ ઝળકાટનું નુર છે, અને જે તારા પુત્રસમાન લેખાય છે, તેના ઉપર અમો ખુશબોઇથી ભરેલા ચંદનની હરદમ ભેટ કરીએ છીએ! શ્રુષ્ટી ઉપર તરેહવાર કામ માટે નિયમીત મુકરર કરેલા "યજદોને" અમો માન આપી આરાધ્યે છીએ. "ખોરશેદ અને માહબોખ્તાર," તેજસ્વી સેતારાઓને અમો સર નમાવી ભજીએ છીએ. તારા "સાતે અમસાસપંદો" તેમજ મિનોઇઓની તેમજ આ અને પેલી દુનીઆની તફસીલ તપાસી, અમારા જ્ઞાન પુરતું સમજી સ્તુતિ કરી, અમો જરથોસ્તીઓ તુજની હરદમ સેતાયશ કરીયે છીએ, કે તારા પરમપ્રેમથી, તારા પયેગામબર "અશો જરથોસ્ત્રના પ્રકાશથી અમો જરથોસ્તીઓને ઓ" દાદાર તું હરદમ રોશન રાખજે, નેકીમાં મશગુલ રાખજે.

ઇશના " ચિત્તમાં " છે ખરી તારી પ્રીતિ.

ભેરવી પદ.

ઇશ તણા હિતમાં છે " પ્રીતિ " કામની
ન–કામ વાસનામાં રહે " પ્રીતિ " કામની–ઇશ. ૧.

" જયે " જીવ ઉગારી ભરો–ધર્મ નામની–ધર્મ નામની
ઠાલી ઠાઠે સાજ નહિ "પ્રીત" કામની–ઇશ. ૨.

અમન ચમન ખેળ મોજે પ્રીતિ નામની–
પ્રીતિ નામની.
રંક અધીક સુખ માને " પ્રીત " કામની–ઇશ. ૩.

સંત સાધુ જપન કરે–પ્રભુ નામની–"પ્રીત" નામની
સંપ સુખ હોય ના ત્યાં " પ્રીતિ " કામની–ઇશ. ૪.

સેવા રતન જેવી થરે–"પ્રીત" નામની–સત્ય નામની
લાહવ ભુવન ભાખી રહી " પ્રીત" નામની–ઇશ.

પ્રભુ પુજન માહી પડી, જે જનો ભજે
પ્રેમ પ્રકાશ પામી કરે મૂકિત પ્રીતથી—ઈશ. ૬.

૧. જગતમાં ઇશ્વરસિવાયની પ્રીતિ એક ઘેલછા જેવી છે, અને હલકી મતલબની યા શારીરીક તપ્ત થતી પ્રીતિ કશા કામની નથી.

૨–૩. અનેક જીવને સુખ આપી તેઓને બચાવો એજ ખરી ધર્મ–પ્રીતિ છે; બાકી રમુજ રમતમાં ગમન કરતી પ્રીતિ મિથ્યા છે, ખોટી છે. પોતીકા સ્વાર્થે માટે લહેર કરતી પ્રીતિ ફક્ત નામ દેવામાંજ પુરતી છે, પણ ગરીબ તરફ દેખાડવામાં આવેલી પ્રીતિ માટે તેઓ ખરાજ સંતોષી બને છે, અને આપણને ઉપજતા આનંદની પ્રીતિ તેજ શ્રેષ્ટ પ્રીતિ છે.

૪. પ્રભુ નામની જપ કરતા ખરા ભક્તો જે ભક્તિ કરછે, તેજ પ્રીતિ માટેની ભક્તિ છે. જેમાં આખરે ઇશ્વર મેલાપની આશા રહે છે. જયાં સંપ સરલ નથી, ત્યાંજ ઉત્તમ પ્રીતિ જરૂરી છે.

૫. પારકાં માટે જે સેવા કરશો, તે સેવાનું દામ એક બેમુલ હીરા કરતાં પણ વધારે છે, અને તે પણ વળી ખરીજ પ્રીત કહેવાય, અને જગતમાં જોશો, તો આ સઘળો વહેવાર "પાવન પ્રીતિમાં"જ ઉછલી રહયો છે.

૬. કાયામાં કટાઈ રહેલા માનવ, જાતી લાભ લોભમાં થોભ અને "ઇશ્વરી હોશ"માં હુશીયારી રાખ. મોહ જાલની તકલીદી તોફાનની તુરંગમાં તું કયાં સુધી ટકશે ! તે છોડ, અને પરમ સેવા ઉપર ધ્યાન પુગાડ ! પેટના પટામણા કરવાના ખ્યાલમાં તણાઈ ન જતા તે જગતના ગુરૂની રાત દિવસ સાચા મનની ભક્તિ કર, કે મળે શક્તિ, જેથી પરોપકાર કામની લાંબી અલગારનો સુંદર હાર તું આ જગતને પહેરાવી તારા ઇશની પ્રીતિમાં લીન થઈ તેની સેવામાં સાફ અને પાક પહોંચી શકે !

" જગતનો બહાર "

દેશ.

જુવો–જગત–દવાર–કેવો રહયો " બહાર "
નવરંગી હાર–બસ લચકદાર.
કરે ચમન ચમન–દિલ ગમન–ગમન—જુવો.

કેવો ઝલકદાર—કાંઇ પાર અપાર.
ગુલજાર હજાર મહેકાર શુમાર.
બસ કવિ કમાળે જમાળ મલાલ—જુવો.

તન–બદન–બદન બસ ત્હારી જતન.
ભરી ભારી રતન—લાગી તુજની અગન.
આવે ખ્યાલ ખુદાવંદ પળક પળક—જુવો.

કેવા ચલક ઝલક રહયા " તારા ગગન "
રહે મગન મગન–થાયે ત્હારા સગન.
ઓ " કવિરાજ "—ત્હારી ન્યારી કળા—જુવો.

વૃક્ષ વેળા વાડે, પશુ પંખી હજાર,
લીન આદમ જાત થયા લાખો સુમાર
કેમ ભૂલે નાથ !—તારો સબળ હાથ—જુવો.

આસ અને પાસ, ઉપર અને નીચે, કેવી, ઓ પતિ તેં મોહક રંગ રચના રચી છે! કેવા પેચ ઉપર પેચદાર વળ લઇ, ડાળ એક એક સાથ ગમનમાં ગેલ કરતી નાજુક કળીઓ સાથ દીપક થઇ રહી છે!

શું ચમનનો બહાર ખીલી રહયો છે, જેનો કાંઇ વિસ્તારજ નથી! હજારો જાતના ખુશબોદાર ફુલો, બસ મહાન કારીગીરીની ઉત્તમ કળાનો છાપ મારી રહેલી છે!

દરેકના બદન અને બનાવટ ઉપર ભાત ભાતની શોભાનો શિંગાર કરયો છે. શું ખુશનુદ ખ્યાલ આવી રહયો છે!

હમેશ દરેક રચના ઉપર નજર ફેંકતાં સારા સગન થાય એમ લાગે છે, અને એ સઘળું જોઇ ઓ માલીક હું મગન થાઉંછું. તારી સ્તુતિના ગાન ગાઉંછું.

ઝાડ અને પાન ઉપર હજારો જીવજંતુ તેમજ કુલ આદમ જાત તારી કરામત ઉપર મોહિત પડયા છે. ઓ નાથ, તારો છુપો બળવંત હાથ જગે જગે વ્યાપક છે.

" ઠગારો ઠાઠ "

કાફી ઝીંઝોટી.

નગરી નવાઇ જોવી હો—તો આંખ તહારી ખોળ !
છેડ નાનુ પાડી જો ! તો માહે પોળ પોળ ! ૧.

સત સફાઈનાં સાંટા શોધે—સઉતો બોલે બોલ.
ઠોકર ખાઇ દેખે ત્યારે—" વાત ગોલ ગોલ—નગરી. ૨.

મરણ તકના સાથી રહીશું—આપે એવા કોલ.
તક મળી કે ફેંકી જશે—એવા સઉના ડોળ—નગરી. ૩.

આપવાની તો દયાનત નહિ—પણ રોક જેવુ તોળ.
છક્કડ ખાઇ બેસીને તું હાથ તારા ચોલ—નગરી. ૪.

નમ્રતાનો મર્મ લાગો જાણે મીઠો ગોળ.
હળવે રહીને સાંભળી લે ! રે બેઇજતના
ઢોલ—નગરી. ૫.

બાથે લઈને દીંબા તાણે—કહેશે મારા લોલ.
દુબળો હો ! કે કુબડો હો ! પણ પૈસે તાહારૂં
મોલ—નગરી. ૬.

૧. નગરીમાં કેવી કેવી કળા સમી રહી છે, તે જો ત્હારે અનુભવવું હોય, તો થોડોક ત્યાં સંબંધ સોધી લે; અને બહારથી ભપકાદાર જે દેખાય છે, તેનો કાંઈક માહેલો ખ્યાલ લેતા માલમ પડશે કે બધુ પોલું છે.

૨. જ્યા સાંભળશે, ત્યાં જાણે સતનો કારોબાર ચાલી રહયો છે. બોલે બોલ સતના સોડા સિવાય વાતજ નથી. પણ થોડાક કામ પાડવાથી બધું ગોલ ગોલ સાંભળ્યું હતું, એમ માલમ પડશે.

૩. મરશો ત્યાં સુધીના મિત્ર થઈ રહેશે, એવું હરદમ વચન માલમ થશે, પણ જરા વધારે ચોકાસ ખીજે મળ્યો, કે તને ફેંકી દેશે, ત્યારેજ તેઓના ડોળ કેવા હતા, અને કેવા બદલાઈ ગયા તે જણાશે.

૪. આડત કરતાં મનમાં દયાનત ખોટી તોપણ તોલ જોખ તો એવું જોશો કે કેવાક પૈસા આગળથી જમા હોય! અને ત્યારેજ છક્કડ ખાઈ રોતો હાથ ચોળી બેફામ થઈ બેસસે, કે આ સઘળું શું થયું?

૫. નમન અદા અંદાજથી, મીઠાસી વાણી તથા ભાષાની છતા વાપરશે કે જાણે કશો કડવાશ હોયજ નહિ, પણ થોડોજ અનુભવ પછી જેઓને તું ઈમાનદાર સમજતો હતો, તેઓ કેવા બેઈજત તથા દગાખોર હતા તે માલમ પડશે.

૬. ત્હારા પૈસા હશે અથવા તારી પાસથી કાંઈખી મતલબનું નીકળતું હશે, ત્યાંસુધી તારી ખુશામત કરી અને એવા ઉંચ પ્રકારની પણ ઢોંગી ધરપચ ત્હારે માટે દાજતા હોય તેમ દેખાડશે. ભલે તું તોખમદાર હો યા હલકી વર્ણનો હો, ભલે તું લંગડો લુલો યા ખુંધો ખોડવાળો હો, પણ તે સઘળું આંખ વિચામણા કરી તાહારા પૈસાથીજ તાહારૂ માપ કરશે. માટે જરા નગરીમાં જઈ અનુભવ લેતાં મેહ્યા ફેરો જશે નહિ. ભલે તું ઠગાય, ભળે તું ભોલવાય, ભલે તાહારૂં લઈ દઈને તાહારી નિંદા યા ઠેકડી કરે, પણ તેથી ઉપજતો "બેમુલ્ય અનુભવ" તાહારી જીંદગીમાં ઘણોજ કામનો થઈ પડશે. ભલે ભોલાપણામાં "મુર્ખ" બન્યો એ જગતમાં કહેવડાવજે, પણ તોખમને ઝાંખ ના લગાડતો—

"નામે રામ" અને "કારણે કામ"

માંઢ.

શીષ ચઢાવી આંખ્યો વીંચી થઇ એમાં શું
ભક્તિ ત્હારી.

લાલન પાળનમાં લપટાઇ–પેટ પસારી ખાઇ.
એકલપેટે મોજ મહાલે—
છોને રડે છૈયાં બાઇ—એમાં શું. ૧.

"ધોળે કાળાં" "કાળે ધોળાં"
જીંદગી સારી ધોઇ.
વાર વેળાએ જાત્રે યાત્રે કાશી જઇને રોઇ–એમાં શું. ૨.

યુવાની ભરમે દિલના દુંજીઓ પામરનો વિચાર.
ઘંટી વાગી "જમડાજી" ની
રામનામ લીધા બે ચાર— એમાં શું. ૩.

માલ ધન જમાવી દઇ બેઠો તું મલકાઇ.
ઠાઠડીમાં કોઇ ધરસે સમજી ના જતો હરખાઇ–એમાં શું. ૪.

કીર્તિ કીધી તીર્થની તેં જપીને માળા.
કીરતન કામે ન લાગ્યાં–ચતુરાઈ કીધા ચાળા–એમાં શું. ૫.

દાન તણી ન વાન લાવે–હીમ્મતની નહિ આણ.
રંક તણો તું દાશ થઇ–બરદાશમાં લક્ષ આણ.
"એમા ટુક ભક્તિ ત્હારી—શીષ ચડાવી" ૬.

૧. ડોળાના સફેદ ભાગ ફેરવી અને માંથું ઉંચે રાખી ભક્તિ કરશે તેમાં શું ત્હારી ભક્તિ થઇ? રખે કોઇને “ભોળવી દગો કીધો હોય” તેનો ડર કર! તું ભલે પેટ પસવારી મોજ શોખ કર, અને બાયડી છોકરાં માટે કનવાર ન કરતો હોય, પણ તેમાં ત્હારી કાંઇ બંદગી નથી.

૨. કાળા કરતુક કરવા જીંદગી ગુમાવી રહયો હોય, અને વખતે વખત કાશીમાં જાત્રા કીધી એટલે શું બધું પાપ ધોવાઇ ગયું? “કોઇને કીધેલાં વચન પાળવાં, એમાં ત્હારી ભક્તિ સમજ.”

૩. ભર યુવાનીમાં ગરીબ માટે કશો પ્રેમ ન આણ્યો, અને જયારે “મરણનો દૈસ” આવી ઉભો, ત્યારે “રામ રામ, રામ રામ” બે ચાર વાર ભણ્યો, એટલે શું પાર ઉતર્યો. કોઇ ભલે કદાપી ભુંડો માલમ પડે, પણ ત્હારે શા માટે તે ભુંડાસના બાહાના તળે તરછોડ કરવી? શું એમ કરવાથી ત્હારી બંદગીનું બળ મળશે?

૪. માલ ખજાનો સંગ્રહ કરવા બેઠો છે પણ મલકાતો ના! કે મરણની ગાડીમાં તુને ઘસડી લઇ જશે, ત્યારે તેમાં ધનનું પડીકું બાંધી આપશે!

૫. તીર્થ કરી આવવાની વડાઇ લીધી, પણ પાછા ફરતાં જેવું ને તેવુંજ અધર્મીપણું કરવા માડયું, પછી તીર્થ ના કીધેલાં પુન્ય ફોકટ!

૬. કોઇને દાન દેવામાં કચાસ ના કર—ગરીબને મદદ આપવામાં હરદમ સામેલ રહે. કંગાલનો ચાકર બની સેવા કર—અને યાદ રાખ, કે એવાં “ટુક કામમાં” તાહારી મોટી ભક્તિ ખોદાને બારમાં લખાઇ ચુકી છે, ગમે એવી પ્રાર્થના કરી, પણ ક્ષણ માત્રની સ્વલાભની વાતથી બધું નિર્મુળ થઇ જશે.

" સતીનુ સતીત્વ

સીંહાનો " કાહ્રન્ડો "

સતિ સ્રી ખરી જે પતિ પત રાખે
" શ્રમ-દમ " ધરી દુઃખ સંકટ કાપે—સતી. ૧.

કામ ક્રોધ ત્યાગી—
ધરી મન તીતીક્ષા
શ્રદ્ધા સમાધાને—
અમર સુખ ચાખે—સતી. ૨.

માત્રુ પિતા તણો યશ ધરીને.
શિષ્ય પ્રાપ્ત દઇ—
મગન મન રાખે—સતી. ૩

દેવ પુજન પાત્રે—
મોક્ષ કરી દહે
પ્રલયકરી " યોગ "—
ગુરૂપદ ભાખે—સતી

૧. નારી તે ખરી જે પોતાના ધણીની ઇજત માન સંભાળી રાખે, અનેક દુઃખ અને વિપત્તી વેઠી સબુરીથી સંકટને સેહેવે. પોતાના મનની ઇચ્છાને પોતાના ગુસ્સાને પોતાના વિચાર ઉપર મજબુત કાબુ રાખી શાન્તિથી અને સમાધાનીથીજ પોતાનો વખત કાઢે તોજ તે ઘરનું સુખ સાચવી અને આપી શકે.

૨. સાસરાઆ ઘરમા જઇ પતિનીજ સેવા કીધી એટલુંજ નહિ પણ પોતાના માતપિતા ભાઇભાડુંઓની પણ યોગ્ય સેવા કરી હર પ્રકારે મદદગાર થાય તો સુખ મેળવી સુખી રહે, જેમ એક વર્ગનો અભ્યાસી પોતાની કુશળતા વડે પોતાના શિક્ષકનું લક્ષ ખેંચી તેના યોગ્ય શિક્ષણને શીખી શુચક કરે છે, તેમ ઉપલા ગુણો ધરાવતી સ્રી ઇશ્વરની આંખમાં તેના ચેલા સમાન ગણાવવાની ઇજીતદારીમાં આવે છે અને તેમ થવાથીજ તે સુખ મેળવે છે.

૩. તેજ પ્રમાણે આ સ્થાને આવતા પોતાના પેગમબર મુનીઓ દેવતાઓ—ફરેસ્તાઓ તથા ભકતોને અત્યંત માન આપી તેઓના કહેલા નિયમ પ્રમાણે વર્તન કરી જ્યારે ચાલે છે ત્યારે પોતાના આત્માની શુંદગી પામે છે; યાને આ માયાવી લાલચથી મ્હોડું ફેરવી નેકીના રસ્તા ઉપર રહે છે ત્યારે કંટાળો લોભ, માયા, અદેખાઇ વતરોગ શરીર માહેથી વાસો ઉઠાવી ગયલા હોવાથી મન સ્વચ્છ બની મગન થાયછે, એવા જ્યારે ભલા અને ભલાઇથી ભરપુર ગુણ મેળવે છે ત્યારે આત્મામાં પમરાત વાષ રહે છે. અને એ તબકકે આવતાજ સઘળા નિર્મળ ગુણોથી સજ બની બીજાંને શિક્ષણ આપવાની તૈયારીમાં આવે છે.

૪. મહેનત અને સબુરીથી દુઃખ વેઠી મન ઉપર સંતોષનો અચ્છો કાબુ રાખી, પોતાના દેહ ઉપર આનંદી છાપ બેસાડી, બીજાના સુખ વધારવાની પોતાની કાળજીથી, તેઓનો જીવ ઠરવાતે સુખરૂપ બને છે. અને આ બધા અનુભવના તીરથી વીંધાઈ આખેર બીજાન તેવા દરજ્જા ઉપર લઇ જવાનો રસ્તો બતલાવેછે. એમ જે સ્રીઓ કરે છે તે સતવંત કહેવાય.

શું " દારૂ " મા દીલેરી છે ?

જુલ્લો જીઞાતી.

" જફા વ જુલ્મસે રાહત કભી આનેકી નહિ
હોનેકી બાત હયે વો તૌરસે ના હોનેકી નહિ–જફા. ૧.

કીસીકી જાન–જો આખેર કજામે આ રહી હો !
મગર દૌરોસે કભી બાઝ ઓ આનેકી નહિ–જફા. ૨.

" બી ગુનાહો " કે અગર આસીહા જો બન ગયે હો ?
અસર ઝારીસે ના રહેમતકો
કુચ્છ હોનેકી નહિ !—જફા. ૩.

ચાહે બુરી વ ભલી " તરસ " દમમેભી ભરે
જાણ " માલેકસે " કભી છુપકી રહેનેકે નહિ–જફા. ૪.

કીસીકા જોરો દૌર–આખેર તક રહે ચુકાભી નહિ,
પામાલ સબ હો રહે હયે
જીસમે " ખુદા " નામ નહિ—જફા. ૫.

૧. કોઈબી કોઈને જુલમ અને જબરીની દાબમાં દાબી રાખવાથી રહેમ આપી શકશે નહિ, અને ધ્યાન રાખ, કે જે બનાવ બનવાનો છે તે ગમે એવા સંજોગોથી ઉલટો થવાનો નથી.

૨. જો કોઈ મોતના કીનારા ઉપર આવ્યો હોય અને ત્યાં ગમે એટલા ઉપાય લીધામાં આવે યા ગમે એવા હકીમનું હકીમું કામ લગાડવાથી જીંદગી બચાવી શકાવી નથી.

૩. તું ભાઈ ગમે એવોબી બેગુનાહ હોય, કશીબી એલ-જામ કોઈને ન પુગાડયો હોય, છતાં તું કેદ પડયો હોય અને માફી માટે તું જેને આજરબાહી કરતો હોય, પણ તે જો નાતરસ યા દયાહીણ હોય, તો તારી આજીજી ફોકટ છે. કહે છે કે માશુકનું જ્યાં હેત ઉભરયું ત્યાં આશક ગમે એવો હોય તોપણ તેને અનહદ વહાલથી ચાહે છે—યા ખોદા-તાલા જેવો તેને સમજે છે, પણ જ્યાં માશુકનો, આશકથી જીવ ધરાયો યા પર ઉપર પ્રીતિ બાઝી, ત્યાં ખુદ પોતાના આશકની પહરેજગારીબી માશુકને દોજખ સમા લાગે—બીજા શબ્દમાં બોલીએ તો ત્યાં તે માશુક ફોકટ બહાના કાઢી, જો માફીબી માગવા આવે છે તોએ રહેમ કરતી નથી. જાલીમને પોતાની મતલબનુંજ કરવું હોય, ત્યાં સત્ય જબાની રદ કરી કેદીને પાયમાલ કરવાની હદ સર્વોપરી રહે છે.

૪. તું ગમે એવીબી વમાસણ કર, પણ તારા દરેક વિચાર પરમાત્માથી અંજાણા નથી; પછી ભલે તે વિચારો ભલા હોય કે બુરા—માટે દરેક વાત માલિકને રોશન છે એમ માની બુરા વિચાર ના કર. કોઈનીબી તકોબરી યા બળ સેવટ સુધી સલામત રહેવાના નથી; અને જ્યાં ખોદાનું નામ નથી, જ્યાં તેની યાદ નથી, ત્યાં સઘળું પાયમાલ થઈ રહેશે.

" ખુશાલી ખુદમાંજ છે "

જહેલો ઝીંઝોતી.

જફા ખુદ હાથોસે—ફરીયાદ કયાં હુએ?
જાણ, અંજાણ રહે—ફરીયાદ કયા હુએ?—જફા 1.

એ ચર્ખે જગમે, દાલા હુએ કયું ગરદન
અસિર બનકે પટક રહયા—કયું સર તન
એહી ગફલત બની—ઝંઝીર તુમારી
જલા હુએ જાણકે—ફરીયાદ કયા હુએ—જફા ૨.

એ સીરાયે ખાનેમે, સોતા હુએ કયુ બેફામ
નિંદકા જામા ગળે, દાલા કયુ બેફામ
રહો બિદાર—સફળ મંઝીલ તુમારી
જલવા ખુદ હાથોસે-ફરીયાદ કયા હુએ—જફા ૩.

૧. ત્હારી પોતાની ચાલથી તું હેરાન થાય—પછી વાંક શા માટે બીજાનો કાઢે છે? જે તું કરે છે, અને જે ફળ તું ચાખે છે, તે સઘળું તું જાણીનેજ કરતો હતો, પછી સંતાપમા પડે, ત્યારે ફરીયાદ કાંય કરવી !

૨. આ મોટા ચક્રમાં, ત્હારૂં માથું તુંજ મેલે છે, અને કેદી માફક તુંજ બેડીમાં પડયો છે, અને હવસ ઉપર આધાર રાખી મેલ્યો છે, એજ તારી બેડી, તુંએ હાથે કરી પહેરી છે, પછી તેમાં જલતો હોય, તો ફરીયાદ કાંય?

૩. જગત મોટું ધર્મશાળા જેવું મકાન છે—ત્યાં તું મુસાફર છે. અને મુસાફર સમાન આવન જાવન થાય છે—હુશીઆરીની માટે હયાં જરૂર છે. જો આરામ માટે વધુ વાર ઉંઘાઇ રહયો, તો બીજાઓ આગળ વધી જશે, અને તું બેવકુફ જેવો નિંદમાં લહેર કરતો પડી રહયો, તો તું ફાયદો ખોઇ દેશ! માટે આ જીંદગીની જંજાલમાંથી, સલામત રસ્તો કાપવો હોય તો, ઉઠ, અને સાવધપણે આગળ ચાલ? "રોશની ત્હારી પાસે છે" ત્હારી કોશેશપર તારો આધાર છે, તેજ તું ખ્યાલ નહિ કરે, અને પછી ફરીઆદ ત્યારે શા માટે કરે છે?

"મીઠી નિદ્રા"

શાકી જોગીઆ.

થાક બદનની નિંદ્રા માતા—ન જોય કાદવ ને કાંટા
પલંગ સેજ કે ખાટ ન જાણે–ઉંઘે પછી તે જ્યાંત્યાં
કેવી શિતળ તુજની છાયા—
નિદ્રા નિર્મળ ચોખી માયા—થાક. ૧.

ક્રુર કુકર્મી કજાસ ક્રોધી—શોધે મીથ્યા નિદ્રા
રાત્રી સારી ધપેક જપકે—તફડે સુવાલ છત્રે
સહજ ગુપ્ને પરં નહી ચાખે,
મોજ મધુરી નિદ્રા—થાક. ૨.

કવિ કવેશ્વરપર દુઃખ ભગતને આશ્રમ આપે નિદ્રા
માત વિનાનું બાળક પણ રોઇ–રોઈ વશ રહે નિદ્રા.
નિદ્રા યુવાન બનાવે તનને—
નિદ્રા નુંતન કરશે મનને—થાક. ૩.

દર્શન તુજના દેવા કીજે ગમતા ગીતડા ગાંતા
ગાતા ગાતા પળમા પોઢે હુંફે મળે તુજ બાથે.
ઉંઘમા ગેલ કરીને લોટે—
હસી પ્રકટ થઇ રહી હોઠે—થાક. ૪.

૧. થાકેલા બદનને રાહત આપનાર ઓ નિદ્રાદેવી જ્યાં તું ગાલિબ આવે છે ત્યાં કોઇબી એવો વશ થઇ જાય છે કે સોજી પથારી યા મખમલી બીછાનું હોય યા જમીન હોય, ઘાસવાળી હોય યા કાદવ કાંટાવાળીબી હોય, ત્યાં તે પોઢી જાયે છે.

૨. તેમજ બીજી તરફથી તુંજની ભેટ લેવાના અનેક ફાંફાં અને પછાડા મારતા ઘાતકી બદચાલવાલા અદેખા અને ઝનુની ખ્યાલવાળાને, ગમે એવાં તરફડીઆં મારવા છતાં ઉંઘ મળતી નથી; યાને તુજનો શિતળ આસરો મળતો નથી—ઘડીભર ઝુકનમાં પડશે, પણ મીઠી નિદ્રા પુરી ચાખી શકશે નહિ.

૩. પણ કવિઓ અને પારકાઓના હીત ધરી કામ કરનારા પરમાર્થીઓ તથા દેશ ભકતોને તુજ આખેર આશ્રમ આપે છે; અને માતાવિના કદી દુર નહિ રહી શકે એમ બાળક પણ આખેર તુજની બરકતીથી નિદ્રાની પ્રેમણા ભોગવી ઉંઘે છે. ઓ નિંદ્રા તુજથી બદન તાજું થાય છે. અને મન મજબુત બનતું જાય છે.

૪. રમુજી ગીતો ગાઇને તારાં દર્શનની તજવીજ કરતા હોય અને તેમ કરી લહેરમાં લગ્ન બની તુજની ભોલી અને ભલી બાથમાં સાથ મેળવીને ઉંઘે છે, અને જેઓ સ્વચ્છ હૈડાના હોય છે તેઓ ઉપર તું નિંદ્રા કુરબાન છે, એટલુંજ નહિ પણ તેઓ નિર્દોષતામાં હસે છે.

" માતા મધુરી "

જીલ્લા કાફી.

ઓ મોરી મઇયા—કરો રહેમ દઇયા
ગળે લગાવોરે મઇયા—ઓ મોરી
મોરી મઇયા—જો ચાહે—જાન વારૂ
જાન વારૂ—ના સતાવું
ના સતાવુ—મોરી મઇયા—ના તરસાવુ મોરી મઇયા.
લરજઇયા—તરસઇયા—પસતઇયા—મોરી મઇયા

પ્રેમકી પાલી મએતો—મેરો પ્રેમ ન બીસરાય રે
બીસરાયે કયસે ?—ડંખ પહેલુ સમાયરે
મારો જાન કલપાય—મારો દિલ હરખાયે
મોહે કછુ નહિ ભાય
ધીર હાએ ? કયેસે પાયે—મોરી મઇયા

બરખેલાફ થયલી ભૂલેલી દીકરી, માતાને પોતાના ઉપર રહેમ કરવા મિન્નતગૂજારી કરે છે. અને ગળે લાગવા કરગરી રહી છે. આખેર પસતાવો કરી પોતાની વહાલી માતા માટે, પોતાનો જાન જીગર આપી દેવા તત્પર થઇ છે. અને ફરી પાછાં, કદિપી કોઇ કારણે, ન સતાવવા કબુલાત આપી રહી છે. માતાને તરછોડ કીધી હશે–તેથી લજ્જા પામી છે– અને વધુ વાર માતા દુર પડવાથી, હવે અધીરી બની છે, અને પસ્તાવામાં પડી બહુજ મુંજાતી દેખાયે છે. માતા સાથના પ્રેમનો, અંગ સાથ અખંડ સંબંધ હોવાથી, માતાના મહાન પ્રેમથી છુટી શકતું ન હોવાથી, તે ભૂલી શકાય એમ નથી, જે વીસરાવવા જતા કાળજાંમાં ડંખ ચાલુ થાયે છે, અને તન બદનમાં ન સહન થઇ શકે, એવા દુઃખથી ગુંગળાય છે. મનમા ધાસ્તી ઉત્પન્ન થાયે છે, અને કશું કાઇ માતા વગર ભાવતું નથી. જ્યારે ક્રોધી બની, ગર્વિષ્ટાથી માતા સામે થઈ હતી, તેના કડવાં ફળ પાછળથી ચાખી, દુઃખ પામી, ફરી પાછી માતાનું વહાલ મેળવવા અધીરી આકળી થઇ હતી.

માતા હેત, જગતના સઘળા સુખમાં સૌથી શ્રેષ્ટ છે, બલકે નસિબ જેવી કાઇ માન્યતા જેવુ માનતો હોય, ત્હારા નસિબતનો આખ્ખા ભાગ માહેલો અર્ધ ભાગ માતાના સુખમાં, અને અર્ધો ભાગ, બાયડી, છોકરાં ધન દોલત ઇત્યાદીમાં વહેંચાઇ જાયે છે.

" જ્યાં મન શાન્ત છે, ત્યાં બધામાં હરિનું કાન્ત છે "

માંડ.

ધીમા–ચાલો–એ રાહ.

પ્રાણ સૂખોથી જાયે છળકાઇ રે
મારા મનની શાન્તિની શું વાહ ! વાહ ! કરૂ
મારા આનંદની લીલાને પ્રભુ સમ ધરૂં–મારા પ્રાણરે ૧.

ભારી તુંજની કાળજી—જોઇ જીવ હરખાય
સાથી સૌનો તું ખરે—કહો કેમ કરી વીસરાય ! ૨.

મારા રાજનના દર્શનમાં–નેત્રો દીઠા,
પિતા માતની, પ્રીતિમાં પ્રલય દીઠા;
બંધુ બહેનીના ભાવમાં ભવ્ય દીઠા,
સર્વ સાગરના સ્મરણમા સરળ દીઠા,
મારા અર્ધાગ મિત્રમા અખંડ દીઠા–મારા પ્રાણ ૩.

૧. જીવ પોતાનું કાર્ય ફતેહમંદી સાથ પુરૂં કરે છે, તે વેળા દુ:ખનો ડંખ, અને સુખનો સહોદમ તેને મનથી એક સરખો છે—તે વેળાની જીવની શાન્તિની મહાનતાની હું કેમ તારીફ કરીશ, અને કેવી રીતે તે સમજમા આપી શકીશ—જાણુકે પ્રભુનેજ આપણ મળ્યા એમ થાયે છે.

"વ્હારી" માહાવિર કાળજી અને સૌમાં તુજની સામેલગીરીથી—ઓ પ્રેભુ હમો તને કેમ ભુલી શકયે?

૨. એ મારા છત્રપતિની ચક્ષુમા નજર કરીયે છયે, તો ત્યાંખી પ્રભુ તારોજ છાપ! અમારા માતપિતાની પ્રીતિ તરફ વધુ અને વધુ મનન કરીયે છૈયે, તો ત્યાં પણ પ્રભુ તારીજ પ્રતિમા પ્રસરી રહી છે. ભાઇ અને બહેનના નિર્મળ એખલાસ તરફ ધ્યાન કરીયે છૈયે, તો ત્યાં પણ તુંજનીજ કરામત પથરાઇ રહી છે. ટુંકમા અખંડ બ્રહ્માંડમાં દરેક વસ્તુઓ અને જીવજંતમા, તું પ્રભુનીજ સીમા બેપાર નજર પડે છે; પણ જ્યારે મુજના મિત્રમા, એક થઇ સમાઇ રહેલા જોઉછું, ત્યારે તો જાણુ તુનેજ મળ્યો એમ સમજી મળકાઇ મળકાઇ જાઉછું.

૩. તરાહેત નર, અને નારી, એકાએક એવા સામ સામી આવી જાયે છે, કે ગમે એવી ન્યાત જાતની તફાવત છતાં—ગમે એવા કષ્ટ છતાં, સામ સામી પ્રિતિથી ખેંચાય છે; પછી તેવોની પ્રિતિ એટલી બળવંત થઇ જાયેછે, કે સુખ અને સંકટ માટે તેઓને ખુશી યા બીક રહેતી નથી. અને પોતાની પાકી ચશમમાં એકએકનો પડછાયો જુવે છે. ગોયા વિજલી ઉપજ કરતાં બે તત્વો ત્યા ઉભાં થાયે છે. અને પરસપર મોહિની પથરાય છે, અને એવા સુખી સ્થાન ઉપર પહોંચતાં જાણે દરેકમાં પ્રભુનેજ જોતાં થાયે છે, અને તેઓનો પ્રાણ હર્ષનો પાર વિનાનો કીનારો જોયે છે.

" ના કર, તું શરાબની સોબત ? "

ભેરવી પદ.

યારો ખુવારી શરાબની છે ભારી—
ઓ શરાબ ! લાવે આજારી, બેજારી, લાચારી
આખેર બનાવે–ભિખારી—યારો 1.

સુનો, શરાબનુ પીનુ ખરાબ છે,
નહિ પીધાથી–બીલકુલ સવાબ છે
હર તરાહનું કેફી, હોય પીણું
છોડો તમો તે ધિકકારી—યારો ૨.

રંગ રંગીલો બની રહયો આસ, પાસ તમારી ફરીને
રહેતા નથી હાથ પગો ઠરીને,
ખ્યાલ તું એવો લે ચિતારી—યારો ૩.

સોબત શરાબની છે પાયમાલી, મળેછે થોડીજ જલાલી
આખેર એથી ખાના ખરાબી,
પીશો તમો તે વિચારી—યારો ૪.

૧. ભાઈઓ, દારૂથી દુર રહો! કારણકે થોડા થોડા પીતાં ધીમેથી એટલો તો ચરશ વધી પડે છે, કે આખેર તમારૂ સઘળું બરબાદ થઇ જાયેછે. એ પીવાથી દુર્બળતા, નબળાઇ, ગરીબાઇ, દરિદ્રતા આવે છે. અને આખેરમાં ભીખ માગવાની અવસ્થા ઉપર સહેલાઇથી ઉતરી પડે છે. એ કેફી, શરાબનુ પીણું જરાબી સારૂં નથી. જો સારૂં સમજતા હોવ, તો તે તમારી મરજીનું માપ, યા પરિણામ છે. એની પડોશમાં કદિબી જશો ના, અને એનાથી ધિક્કાર ધરી– દુરજ રહેજો.

૨. દારૂ પીવા પછી તમને સઘળુ રંગીત દેખાય છે, અને તમો કેવા આનંદના બાગમાં, સહેલ કરતા હોવ, એવા ખેલ નજરે પડશે, પણ એ સઘળું ઓળા માફકજ છે. ખરૂ કાંઈ નથી, તમારા હાથ પગો નબળા થવાથી વ્યાધિ થશે, અને તમારી બુરી દશાજ થઈ રહેશે, માટે વિચારી લ્યો?

૪. એની ઉપર જીવ રાખવો, તે પાયમાલીને ઘરમાં તેડું કરવા બરાબર છે. પીધાથી સુરખી સહેજ પથરાય છે, પણ ક્ષણ માત્રનીજ છે અને ખાનાખરાબીના ખડક ઉપર અથડી, સત્યાનાસીના સાગર ઉપર આવી પડશો. માટે એવા કેફી પીણા ઉપરથી હાથ ઉઠાવો?

"રંગીલા ઢંગ"

ભેરવી.

જુવો જુવો યારો–દોસ્તીનાં ઢંગ–એ રાહ.

ચેતી લેઓ ! જગના સૌ ફ્રોકટના ઢંગ
ફાની એ રંગ છે ખાલી એ જંગ!—ચેતી. ૧.

પવન સમેત જુઓ પતંગ ચકેછે
વેગ વણુ બસ રહે બતંગ—
ફાની એ રંગ છે, ખાલી એ જંગ—ચેતી ૨.

દમ્મર દેમાગે કે સઉ કોઇ માહારા
દ્રવ્ય વિના રહે દોસ્તીમાં તંગ—
ફાની એ રંગ છે ખાલી એ જંગ—ચેતી ૩.

ભાવે ભલાથી દોર કરી લે
કાળ આવવે તુંજ ચાલે ન જંગ—
ફાની એ રંગ છે ખાલી એ જંગ—ચેતી ૪.

૧. આ જગતના બધા નાહકના પછાડા અને ઢોંગરૂપી મહીમાર ખીલી રહયા છે. જે સઘળું પળ વાર દમ લઈ નાશ થવાનું યા કમી થવાનું છે, અને જે ખાલી ડોળઘાલું પોષાકમાં સજ થયેલું છે, તે માટે ચેતો, અને સંભાળીને ચાલો.

૨. તહારે પતંગ યા કનકવો ગમે એમ ઉંચે ઉડાડવાની તું ફોકત કોશેશ કરશે, પણ તે પવન વગર કદીબી ઉડી શકશે નહિ. અને કદાપિ થોડો ઉડયો, તો જાજી વાર ટકી શકશે નહિ.

૩. તાહારા મનમાં ફોકટ ફુલાતો હશે, કે બધા હાજી! હાજી! આવોજી! જાવોજી! કરે છે, તે સઘળા તાહારા ઉપર વહાલ રાખે છે, એ સઘળું ભાઈ! તારા રૂપજીભાઈના ચળકાટનો મળકાટ છે. જે ન હોય તો પછી દોસ્તી કેવી તહારી તેઓથી છે તે સઘળું જણાઈ જશે.

૪. કદાપિ તાહારી મોતેબર હાલત હોય, અને તાહારા ધીકતા દ્રવ્યવાન વખતમાં, તું કોઈને મુંજવે યા તાહારી મતલબ સાંધવા તાહારે ગમે તેમ તું તેઓને દુઃખ આપી તારી મતલબનું તેઓ પાસથી કહડાવી લે, પણ યાદ રાખજે કે વખત એવો આવશે, કે બધી તાહારી તુંડાઈ, તકોબરી ઢોંગ સોંગ સર્વ એક સપાટે, નાશ થઈ જશે, કારણ કે "વખતે" કોઈને પોતાની ચુંગાલથી કંગાલ થતો છટકવા દીધો નથી, કે જેઓ તેનાથી ઉલટા ચલ્યા છે, માટે આ જગતના ભપકાદાર દેખાવોથી તું ચોંકીને ચાલ.

" પ્રભુની પત્રિકા "

ભૈરવી.

પ્રભુ યાદ વિના ગુજારો—નહિ દીન
રાત, ઘડી, પળ—મન તન ધરો લિન—પ્રભુ ૧.

ભક્તિ પુજનમાં—પાવો પ્રભુતા
ચાખો સદાય—મળકાય સુખે છતીઆ—રાત ૨.

ચારો દીશાએ જાવો—હરિ હરીઆળી પાવો
વાવ તલાવે, હલાવે ભારી પ્રભા—રાત ૩.

જુવો ચકોરની અધોરી ફેરી
નદી કીનારે સારસની સહેલી
એ સૌ માને હરિ પિછાણે
જુવો પપીયુ—" પીયુ " પુકારે—પ્રભુ ૪.

કીડી કંસર, રહી અધીરી–પહાડ શિખરે રહી મધુરી
સઉ કોઇ માનો ! સઉ કોઇ જાણો !
સિવા પ્રભુ, નવ બને ન બતીઆ—પ્રભુ ૫.

પ્રભુ પત્રિકા વાંચો—વંચાવો, નેકી નિતિમાં નમિ
પુંજાવો—પ્રભુ ૬.

૧. સદા પ્રભૂની યાદ કરો, સેવા કરો! હર વખતે તેનોજ ખ્યાલ કરો, અને હમેશ તેના ઉપર મન ચીવટાઇથી રોકી રાખો!

૨. ભક્તિ પૂંજા કરવાથી તમોને, એટલો બળમાં વધારો દેખાશે, જેથી તમો નીરોગી અને આસુદા રહી શકશો.

૩. સઘળી દીશા તરફ નેગા કરો, અને ફરતા હરતા જુવો કે પરવરદેગારની રળીઆમણી રચના દીપી રહી છે, એમ માલમ પડશે. સમુદ્ર નદીનાળાં સઘળાં તેનીજ સૌંદર્ય રચનામાં સજી રહેલાં છે.

૪. ચંદ્ર ઉપર મોહિત થયલો ચકોર, બની આસપાસ ભમતો ભમરો, નદી કીનારે સારંસ પક્ષીનુ ગાણું, એ સર્વે પ્રભુની લીલામાં લીન થઇ, તારીફ ગાઇ રહયા છે, કોયલ, પપીયુ પોતાનો સરોદ કરે છે, તેમા પરમાત્માનોજ નાદ સંભળાઇ રહયો છે.

નાના જીવજંતુ, કીડી, કંસર, એ સહુ "તે" માટેજ ચીંચીંઆરી કીકીઆન કરી રહયા છે, પહાડની દમામદાર, તથા મરોડદાર ઉંચી ટોંચ ઉપર ચળકાટ "તેનોજ" ચળકી રહયો છે.

૫-૬. વાંચક! મારા! પ્રભુનોજ ખ્યાલ ધરો! અને "તેના" સિવાય બીજું કોઇ સરજનાર, પાળણહાર, યા, રાહનુમા નથી, એમ નકી માની વર્તો!

" જગતપારનો કર વિચાર "

ભૈરવી.

અરે મન સમજીને માંગે શુ કરવા ?
ભવ ડુબવા યા તરવા !—અરે મન ૧.

ભ્રાંતી ભુલના—છે ઉપયોગી
તનનો મેલ દુર કરવા—અરે મન ૨.

નિર્થક તહારો આંટો થશેરે
ખાડો ખોદે કાં પડવા—અરે મન ૩.

માયા કાયા કર્યા કરે તુ—માયા રહી સમ મોર
" કુડી કુડી રોય ચરણ પર "—
બનશે જગનો ચોર—અરે મન ૪.

વિશ્વ પતિના વિષય વીણી લે.
અંતે ચરણ હરી ધરવા—અરે ૫.

રંગ રાગના શોક તજીકર—" યોગ " ભોગનો જોગ
ફુલ સમા દિલ ફુણગા ફુટસે, ધ્યાન
ધણીસે જોડ—અરે ૬.

૧. મન તાહારી ઇચ્છા શું છે? અને શું કરવા માંગે છે! તારા ભવને ભુલાવી ડુબાડવાનો, યા ત્હારા જીવને તરાવી તરાવવાનો?

૨. સુધ્ધી સીધી રાખ! કારણ કે તે વડે તને ઘણું કામ આટોપવાનું છે. તેથીજ નિર્મળતા મળેછે, અને પવિત્રાઇના સરોવરમાં તરી રહેછે.

૩. આ જગતમાં આવેલો ફેરો અકારત ના કર, અને ત્હારાજ માટે ખાડો ખોદવાનો, અને તેમાં પડવાનો ફેજ લાવતો અટક.

૪. "માયા અને કાયા" મારૂં અને તારૂં, એમાં સદા ગુંથાઇ રહી, જેમ "મોર નાચી નાચી આખરે પોતાના પતલા કંટાઇ ગયલા પગ ઉપર જોઇ રોય છે" તેમ તું મઢાઇ રહી, લોભમાં લુભાઇ ના જા! કારણકે આખેર જગતની હીણપસતીમાં પડશે.

૫. હરિને ઘરની મુલાકાત લેવીજ હોય, તો હરિના સુંદર કીરતનનું ભજન કર.

૬. રંગ રાગના ફાટકા છોડી દઇ "દેવ ગમન"પર મગન રહે, પછી જ્યાં તુ જોશે, ત્યાં "શુદગી" અને "શુખાલ હાલ"–વહાલથી જોશે, માટે મનમાં સાંચી સમજી શાણપત મેળવ! ખુદાના ખ્યાલ ઉપર ખુદાની કુદરત ઉપર મન લગાડી ખુદાની ખુબીમાં લિન થઇ, ખુદાની ખુશનુદીના કામો કર!

" વફાઇના વાખા "

જોગીઆ આશાવરી ગજલ.

ફુન્યામે બર કરારી—કોઇની—રહી નહિ—એ રાહ.

દુનિઆઇ દજમે યારો—દિલદારી રહી નહિ
જાન નિસાર ફીદા કરો—
વફાઇ રહી નહિ—દુનિઆઈ ૧.

ગુમરાઇ રખ ન તું કભી—મિત આખેર તક રહે
" લે ઔર દે "નેકી—સૌદાઇ રહી નહિ—દુનિઆઇ ૨.

ગંજો રંજ ખાલી અગર—પર સનમ ધરે
અદબો આદબકી ભરી
રાહાદારી રહી નહિ—દુનિઆઇ ૩.

ફલક ફુંડો—મુલક ફુડો—ફુંડો સારી ચર્ખે જગ
સિવા ખુદા કીસીસે—
આશનાઇ રહી નહિ—દુનિઆઇ ૪.

૧. વિસાળ કિલ્લા જેવા બ્રહ્માડમાં, ખરી દિલદારી ક્યાં હશે ? હોય એમ લાગતું નથી. કોઇના દિલમાં બીજા માટે તેવી સ્વચ્છ લાગણી હોય, પણ પરસપર તેવી લાગણી હશે, એમ માનવું કઠીણ છે. ભાઇ! ગમે એવાબી તારો જીવ પટકશે, પણ બદલામાં વફાદારી મળશે નહિ.

૨. ગુમાન ના રાખતો, કે તાહરો નેમેલો મિત્ર, દોસ્ત તાહારી દિલદારી કરશે; કારણકે આપ-અને લે-ની રીતનો સરેસતો-હાલમાં દીસતો નથી. તાહારા પ્રેમિ મિત્ર ઉપર, તાહરો માલ ખજાનો કુરબાન કરશે, તેની ઉપર સઘળું ખરચી ખુવાર બનશે—પણ જ્યારે બદલો આપવાનો વાત રહેલોજ નથી-ત્યારે મતલબ પુરી થતાં, કશું બન્યુજ ન હોય, એમ તરછોડ કરી ચાલી જશે, અને સઘળું ફોકટ થશે-કારણકે ભલાઇનો બદલો બુરાઇમાંજ વાળવો, એ જાણે જગતનો કાયદોજ થઇ રહયો છે.

૩. ચાહે તે દેશમાં જા, ચાહે પાતાળમાં સીધાર-આખ્ખું દુન્યાનુ ચક્ર ફરી વળ, પણ કોઇથી તને પુરો સંતોષ, યા ભલાઇનો બદલો, જેવો તું માંગશે, તેવો મળશેજ નહિ. પણ એકલા બારેહકતાલા, જે અદલ ઇનસાફી છે, તેનાથીજ તાહરી સઘળી આશા ફળશે!

સંસારની સીડી.

ભૈરવી.

સંસારમાં પ્રીતિ સમાન–સુખ નહિ ખરે–
રૂડી સ્થિતિ જ્યાં જડે
સંસારમાં અપ્રીતિ-માન–દુખ નહિ અરે–
કુડી રિત જ્યા મળે– સંસાર.
ફાંસામાં ફસાઇ જેમ જીવડુ તરફડે–
આખેર પારધી હાથ મરે
અરે લગ્નના કરારમાં છુટકો નહિ જરે—
રીબી દીબી જીવ જલે-સંસાર.
સંતાપની સીમા અરે દ્રષ્ટી નહિ પડે–
નિસાસ તુટી દિલ ઠરે
સગા સૌ સુખના બહુ પડખે નહિ ફરે—
દુખ સામુ ઔર ભરે–સંસાર.
સુખવાસી મીઠાશની જે ધારી ફુલવાડી—
થઈ કંતાલની ઝાડી
રજ માત્ર જે નિરખ્યું દુખ–ધીમે બની રહી પહાડી–
જીમે જોતની નાડી—સંસાર.
પોતીકા પરાણા સમ લાગેરે કઠોર–ચાલુ સોહોર ને બકોર
ચેતી સમજી શાણા લ્યો–આ રીવાજ તણો છે દૌર,
ભુલે બનશો નહિ તમ ચોર—સંસાર
પ્રેમ તણા જ્યા દૈવત જાગા–સંકટ શ્રાપ સૌ રેહેશે આગા
દુખે સુખે ચાહવા લાગા
ઐક્ય ચિતમાં ગાવા લાગ્યા—સંસારમાં.

વર વહુની જ્યા પ્રીતિછે, ત્યા મેળમાં, રેલ છેલની સ્થિતિછે, જ્યાં તેથી ઉલટું બન્યુછે, ત્યાં કંગાળયતના કાંટા ભોકાઇ રહ્યા છે.

એક શિકારી હાથ આવેલુ જાનવર, પહેલું તરફડે છે– પણ થોડીજ વારમાં શિકારી તેને ભક્ષ કરેછે, અને પેલાનો જાન આખેર થાયેછે, પણ સંસારના અસુખમા પડેલુ કોઇ, ખરેજ તલવલાટના તરફડીઆ માર્યા જાયેછે, તેનો છુટક નથી. તેઓના સંતાપની કાઇ હદ નથી. દિલ તુટી જાયે છે–જીવ નિરાશ બનેછે. સગા વહાલાઓ જેઓ સુખના સમયમાં પાસ હતા, તેઓ પણ સામા દુર થઇ જાયે છે; એટલુંજ નહિ પણ સામો સંતાપમા વધારો કરવાનો સમો કરેછે. જે પ્રસંગ પછી મીઠાશદાર સંસારની આસ રાખી હતી, તેને બદલે દુઃખ અને વેદનાની વારી આવી લાગી, પ્રથમ દુઃખ નાનુ લાગતું હતું–પાછળથી દુઃખ એટલું વધવા માંડયું કે બોલવાની મણા નહિ.

પોતાના આસપાસના સઘળાં અકારાં બની જાયે છે. જીંદગીની ઉત્તમ મોજનો છેડો આવેલો જણાયછે. ચેતીને, લગનના કરારમા પડવા અગાઉ, ચાલો કે જેથી હમેશના રીબતા બચો.

પણ જ્યાં પ્રેમ અને પ્રીતિનો સમાગમ છે, ત્યાં સંકટ અને દુઃખ દાખેલ થઇ શકતા નથી, પણ સંકટ વેઠવામાં ઔર સુખ પ્રાપ્ત થાયેછે.

" મગરૂબી તારૂ મોત જાણુ "

ભેરવી.

મગરૂબી તારી છોડી દે—સદા ન નીભે ભાઇ
માન, પાન, ઠાલી ધામ; દૌર દમામ, ધુમધામ,—સદા.

જયાં સુધી તારૂ ધન્ય છે—આવશે કરતાં ભાઇ
પૈસા બધા જતા રહયા—તને જોઈ જશે ભરાઇ—મગરૂબી.

બેટો બાપની ગરદન કાપે—જાણે ખુની કસાઈ
ભાઈ ભાઇની લાજ ન રાખે—
કહો ! કયાં રહી સગાઈ—મગરૂબી.

ના કર ગુમાન જુવાનીપર—જમે જશે ઘસડાઇ
માહારૂ માહારૂ કરેછે માનવી—મેળે ચાલતો થઇ—મગરૂબી.

ન થયો સંત જે પુરો—તકોબરી વશ થાયે
પાછી ઠોકર ખાઇને—ફરી પ્રભુ દવાર જાયે—મગરૂબી.

તારી મગરૂબીથી તારો હાથ ઉઠાવ ! તે કાંઈ હરદમ નીભી શકવાની નથી. આસપાસના ઠાઠ ઠઠેરા, અને દમ્મર કાંઇ હમેશ, કમ્મરમાંથી ટટાર રહેનાર નથી. તે મિથ્યા છે, માટે છોડ ?

દોલત તારી પાસે હશે, ત્યાં સુધી, ખુશામતીઆ તારી આસપાસ ભમશે પણ મુફલેશી આવી, કે તરતજ તેઓ વટાણા વાવી જશે.

કલજુગનો જમાનો છે, માટે બાપ બેટાની કંકાશ, અને પૈસા માટે જીવલેણ લડત ચાલી રહીછે, અને ભાઇ ભાઇઓમાં પણ મોટાઈ, મગરૂબી, અને કીનો વસી રહયો છે, પછી સગાઈ જેવું શું રહયું ?

ત્હારા ધીકતા વખતમાં, તું ગુમાન ના કરતો ? કારણકે મોતનો ફરેશતો, સરેસતા પ્રમાણે આવી ઉભો રહેશે, ત્યારે સઘળું પાછળ મેલી આ દુન્યામાથી જવું પડશે, માટે જે ગુણ તને આખેર ડુબાવશે, તેવા હલકા ગુણોને શા માટે ત્હારા મનમા રાખી છાને ? કાઢ, એવા ગુણોને બાહાર, એવી હલકી નબલાઇને વશ નહિ થતાં તે મેલીને ખસ, કે જેથી દુન્યામાં તું ઇન્સાનનો જશ મેળવી, ત્હારા જીવ આત્મામાં ઉત્તમમાં ઉત્તમ ખવાસનો રસ મેળવી, પાક અને પ્રકાશિત થા, અને ત્હારા પરમેશ્વરની પ્રાર્થનામાં લિન થા ? જે અધુરો છે, તે છળકાઇ જાય છે, પણ આખેર પસતાઈ, ફરી કોશેશથી પ્રભુના દર્શન જોવા ચાહેછે.

"ઓ મન! તું મોટાઇ મોડ"

ભૈરવી.

ચેત ભયો અંતરકો—નહિતર " હરી " જપનેકો

વખ્ત ગયો ૧

આંખ દીયો સચ તોલ તોલનકો
કાન દીયો હરી ગુણ સુનનેકો.
મુહ દીયો તુંજ હરી ભજનેકો
નાખ દીયો સુસ્વાસ ભરનેકો—ચેત ભયો ૨

આજુ સાફ પર હાથ ધરીલે—પરીતાપ છીનાવા
કદમ ભરીલે
જલીલ જીગરકો સાદ કરીલે—અયેશો શ્રમ કર
તનકો—નહિ તર ૩

માન પાન તુજ ચિત ભમરાવે, ખાન માંસ તનકા બદલાવે
દાન કરમકા મોળ બધાવે—ગુપ્ત ખ્યાલ કર
મનકો—નહિ તર ૪

૧–૨. તે પરમકૃપાળુ બાપે તને–આંખો–સારા નરસાનું માપ તથા તોલ કરવા આપીછે, નહિકે તે વડે કોઇપર કહેર, અથવા દ્વેષ કરવા. કાન આપ્યા છે ! તે સંત પુરૂષોના સાથ રહી ઉત્તમ જ્ઞાન મેળવવા માટે છે. મ્હોઢું આપ્યું છે, તે ફક્ત મ્હો સ્વાદીઆ માટેજ નહિ–પણ "તેની ભક્તિ–તેના ભાવનાનો" ઉદગાર ઉચ્ચાર કરવા ફીજે આપ્યુ છે. નાક વડે હમેશ સારો વાસ ભર, યા એવી કોઇ જગ્યા ઉપર ફરહર, કે જ્યાં સ્વચ્છતાઇ તથા સુગંધ હોય—પણ જો એ સઘળુ કરવા ચુકયો, તો સમજ, કે હરીને જપવાનો તાહરો વખતે વ્યર્થ ગયો ?

દુઃખીના દુઃખથી નીકલતા આંસુઓ પોતાની મેળે સુકાઇ જાયે, તે અગાઉ તેઓના દુઃખ ટાળી, તે આંસુઓ તું જાતે લુછી નાંખ ! દળીદ્રતામા સપડાયલાઓને છોડવવ તારા કદમ આગળ ભર ! રંજથી કચડાઇ ગયેલા તુટેલાં જીગરને રાહત આપ. અને તે માટે તારા તન બદનને રોક– નહિતો સમજ કે હરિ જપવાનો વખત ગયો. દુન્યાવી માન અને ઠાઠમાં તારૂં ત્તિચ ભમાઇ જશે–ખાની, પીનીથી તારૂં માંસ દુર્બળ થશે. ધર્મ અને દાનપાનથી તાહારી "દયાની ખાણમાંથી" ખોભાઓ ભરી ભરી રંકને મદદ માટે આપતું કર ! જેથી તારી કીમ્મતનો તું વધારો કરશે (યા પરવરદેગારની નજરમાં તું ખુશી પામશે) એવા શુદ્ધ વિચાર કર !

૪. પુન્ય ભાવથી તું ખરેજ સારી સ્થીતિ ભોગવતો હોય, તો તે વેળા તાહરા પોતાના માટે, અધીરો ન બનતા, બીજાઓની અગવડ પહેલાં સાચવજે, સંભારજે ! તારા વપરાસ પુરતું ભલે રાખ ! પણ ગરીબને દાન આપી તેઓની દુવા ચાખ ! કદાપિ સ્વાર્થિ બની, તાહરો પોતાનોજ ગર્વ સાચવશે, તો તું દુર્બળ થઇ, તુંજ બળાપો કરશે કે અરે ! ચાલતા વખતમાં તુંએ કેવી તક ખોહી ! પ્રભુ સારાં વાનાં તને અર્પણ કીધાછે, તેની તોલ કરી, બીજાની હાલત ઉપર રહેમ કર ! જેમ કરવાથી તારી જીંદગી બીજા કરતાં કીમતી ગણાશે.

"ભકિતમાં શકિત"

બજી જયા હવસકી બાંસરી—એ રાહા.

ઉજી દિલ દાઝ નિજ ભક્તિની
મનડું દમ દમ, મથન કરે, વૃમ કરવા
ભક્તિની—ઉજી ૧.

પકડ તે કદિ કુબુદ ધરશે નહિ
મરડી મોહને કચડી ધરશે—તરસ ભક્તિની—ઉજી ૨.

ગુણીયન તે નર નારી ખરે
ભાન ભુંડાઇનુ ભુલી ધરાવે—શકિત ભકિતની—ઉજી ૩.

સરસ તે સિવા કદિ ના લેખે
સ્વરૂપ સજાવે સાચી માયે—ભગાવત ભકિતની—ઉજી ૪.

અડગ રહે ધરતી ભેલ ધ્રુજે
નાવ દહેનો પાર તરાવે, સરજત ભકિતની—ઉજી ૫.

૧. જે મનમાં ભક્તિની દાઝ ઉપજી, ત્યાં તે મનડું ભક્તિનીજ પ્યાસ પુરી પાડવા પ્રયત્ન કરશે.

૨. જ્યા ભક્તિના ભણકારા ઉપજ્યા, ત્યાં ખોટા લક્ષણુની સંગત કદિ કરશે નહિ—અને માયા, મોહો, સઘળું મનથી દુર રાખી ભક્તિમાજ દમ ઘુંટાવશે.

૩. તેજ નર, યા નારી ગુણુવંત કહેવાય, કે જે ભુંડાઇનો ખ્યાલ ત્યાગ કરી ભક્તિ માટેની શક્તિ વધારે.

૪. અને તેઓ ભક્તિ સિવાય બીજુ કશુ સરસ લેખતા નથી. અને સાચ્ચિભક્તિથી, સેવાથી—પોતાનું મન, તન સ્વચ્છ બનાવેછે. જેવે ભક્તિના સાચા માર્ગમાં પડેલા છે, તેઓ ગમે એવા આંચકાથી દરતા નથી, અને કશાથી નહિજ ડરીને, પોતાનો સંસાર ભક્તિના ઉત્તમ માર્ગથી પાર તરી જાય છે.

સમાપ્ત.